Thursday
19.02.2026
✳Volume :10 ✳ Issue No.222
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગર, ગુજરાતમાં મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની અશ્વારૂઢ પ્રતિમાનું અનાવરણ કર્યું



છત્રપતિ શિવાજી મહારાજે સ્વરાજ, સ્વધર્મ અને સ્વભાષાના રક્ષણ માટે જીવનભર સંઘર્ષ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી

## ગુલામીના ઘોર અંધકારમાં, માત્ર ૧૬ વર્ષની ઉંમરે, છત્રપતિ શિવાજી મહારાજે 'હિન્દવી સ્વરાજ' સ્થાપવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો





## દેશના તીર્થસ્થાનો અને મંદિરોનું રક્ષણ કરનારા છત્રપતિ શિવાજી મહારાજે મુઘલોને સંદેશ આપ્યો હતો કે મંદિરો તોડી પાડવાથી સનાતન ધર્મનો અંત આવશે નહીં

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગાંધીનગર, ગુજરાતમાં મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર દ્વારા નિર્મિત છત્રપતિ શિવાજી મહારાજની અશ્વરૂઢ પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મંત્રી શ્રી હર્ષ સંઘવીની સાથે અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે સમગ્ર ગાંધીનગર માટે ગૌરવ અને આનંદની વાત છે કે 'હિન્દવી સ્વરાજ'ના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજની ભવ્ય પ્રતિમાનું અહીં અનાવરણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે લગભગ ૨૧ ફૂટ ઊંચી આ પ્રતિમા ગાંધીનગરના રહેવાસીઓને, ખાસ કરીને યુવાનોને આવનારા અનેક વર્ષો સુધી પ્રેરણા આપતી રહેશે. શ્રી અમિત શાહે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજનું જીવન અને મહાન સિદ્ધિઓ ક્યારેય અપ્રસ્તુત નહીં બને. અનેક પેઢીઓ સુધી રાષ્ટ્ર તેમના અજોડ યોગદાન માટે ઋણી રહેશે. તેમણે કહ્યું કે જયારે દેશમાં—અફઘાનિસ્તાનથી કન્યાકુમારી અને સોમનાથથી ઓડિશા સુધી—ગુલામીનો ઘોર અંધકાર છવાયેલો હતો અને સમગ્ર રાષ્ટ્ર સાંકળોમાં બંધાયેલું હતું, ત્યારે એવું લાગતું હતું કે મુઘલ શાસનની શક્તિ ક્યારેય ઘટશે નહીં અને ભારત ક્યારેય સ્વતંત્રતા પ્રાપ્ત કરશે નહીં. તે સમયગાળા દરમિયાન, મુઘલ સામ્રાજ્યનું વર્ચસ્વ વ્યાપક હતું અને લોકો લગભગ સ્વ-શાસનનો વિચાર જ ભૂલી ગયા હતા. વિદેશી શાસનની લાંબી પીડા અને જુલમને કારણે પોતાની આસ્થા, ભાષા અને આત્મસન્માનના મૂલ્યો લગભગ અદ્રશ્ય થઈ ગયા હતા. તે સમયે, માત્ર સોળ વર્ષની ઉંમરે, શિવાજી મહારાજે રાયગઢના રાયરેશ્વર મંદિરમાં 'હિન્દવી સ્વરાજ' સ્થાપવાનો દ્રઢ સંકલ્પ કર્યો અને સમગ્ર રાષ્ટ્રને નવી દિશા બતાવી. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે તે સમયે કોઈ સંસાધનો નહોતા—ન કોઈ સેના, ન કોઈ હથિયાર અને ન કોઈ મોટું રાજ્ય કે સામ્રાજ્ય. છત્રપતિ શિવાજી મહારાજના પિતા સ્વયં બીજાપુરની સેવામાં હતા. તેમ છતાં, તેમની કિશોરાવસ્થામાં શિવાજી મહારાજે રાયરેશ્વર મહાદેવ સમક્ષ પવિત્ર પ્રતિજ્ઞા લીધી કે તેઓ જીવનભર સંઘર્ષ કરશે અને સ્વરાજ, સ્વધર્મ અને સ્વભાષા માટે કામ કરશે. શ્રી શાહે કહ્યું કે માત્ર ચાલીસ વર્ષમાં શિવાજી મહારાજે અઢી સદીઓની ગુલામીની સાંકળો તોડી નાખી અને છત્રપતિ તરીકે તેમનો રાજ્યાભિષેક થયો, જેનાથી 'હિન્દવી સ્વરાજ'નું સ્વપ્ન સાકાર થયું. શ્રી અમિત શાહે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજે જીવનભર ક્યારેય સંઘર્ષનો માર્ગ છોડ્યો નથી. ઔરંગઝેબે તેમનો સંકલ્પ તોડવાના પ્રયાસમાં સમગ્ર મુઘલ સામ્રાજ્યને કામે લગાડ્યું હતું, પરંતુ શિવાજી મહારાજ ક્યારેય પીછેહઠ કરી ન હતી. જ્યારે સ્વતંત્રતા સંગ્રામને નબળો પાડવાના પ્રયાસમાં કાશી અને મથુરાના મંદિરો તોડી પાડવામાં આવ્યા ત્યારે શિવાજી મહારાજે દક્ષિણના મંદિરોનું રક્ષણ કર્યું અને સપ્તકોટેશ્વર મંદિરની પુનઃસ્થાપના અને જીર્ણોદ્ધાર કર્યો. તેમણે કહ્યું કે, દેશના તીર્થસ્થાનો અને મંદિરોનું રક્ષણ કરનારા છત્રપતિ શિવાજી મહારાજે મુઘલોને સંદેશ આપ્યો હતો કે મંદિરો તોડી પાડવાથી સનાતન ધર્મનો અંત આવશે નહીં. તેમણે કહ્યું કે શ્રી નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ કોરિડોર અને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય હાથ ધર્યું છે, જે આક્રમણકારો દ્વારા ક્ષતિગ્રસ્ત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ દર્શાવે છે કે છત્રપતિ શિવાજી મહારાજનો સંકલ્પ આજે સમગ્ર રાષ્ટ્રએ અપનાવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજે પ્રથમ વખત નૌસેનાની સ્થાપના કરી હતી અને જાહેર કર્યું હતું કે, "જ્યાચે આરમાર, ત્યાચા સમુદ્ર" — એટલે કે, "જેની પાસે નૌસેના છે, તેનો સમુદ્ર પર અંકુશ છે." તેમણે કહ્યું કે મોદી સરકારે ભારતીય નૌસેનાના ધ્વજમાંથી વસાહતી પ્રતીકો હટાવીને છત્રપતિ શિવાજી મહારાજના વારસાનું સન્માન કર્યું છે. શ્રી શાહે કહ્યું કે શિવાજી મહારાજના રાજ્યાભિષેક સમયે વિદ્વાન ગાગા ભટ્ટે ટિપ્પણી કરી હતી કે આવનારા વર્ષોમાં ભારત વિશ્વની સામે સંપૂર્ણ ગૌરવ સાથે ઊભું રહેશે. તેમણે ઉમેર્યું કે તે શબ્દો હવે સાચા પડતા જણાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે બાલ ગંગાધર તિલક, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર, સુબ્રમણ્યમ ભારતી, શ્રી અરબિંદો, અતુલ ચંદ્ર હજારિકા, શ્રી વચિનાથ અને અન્ય ઘણા કવિઓ અને સાહિત્યકારોએ છત્રપતિ શિવાજી મહારાજની પ્રશંસામાં કૃતિઓ રચી હતી. ઝવેરચંદ મેઘાણીએ બાળકોમાં શૌર્યના સંસ્કારો સિંચવા માટે "શિવાજીનું હાલરડું" રચ્યું હતું. આજે પણ, જે માતા તેના પુત્રને દેશની સેવા કરવા ઈચ્છે છે તે તેને શિવાજીની વીરતાની ગાથાઓ સંભળાવે છે. શ્રી અમિત શાહે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજે ભારતીય ભાષાઓના ઉત્થાન માટે પણ કામ કર્યું હતું. સત્તામાં આવ્યા પછી, તેમણે વહીવટમાં મરાઠી અને સંસ્કૃતને પ્રોત્સાહન આપ્યું. તેમણે એવી પેઢીનું નિર્માણ કર્યું જે સ્વરાજ, સ્વભાષા અને સ્વધર્મ માટે જીવતી હતી. શિવાજી મહારાજના અવસાનના સો વર્ષમાં જ તેમનો ભગવો ધ્વજ અટકથી કટક અને કટકથી પુણે સુધી લહેરાતો જોવા મળ્યો હતો. આજે તે જ ભારત, શિવાજી મહારાજના મૂલ્યો દ્વારા માર્ગદર્શન મેળવીને, વિશ્વની સમક્ષ તેજસ્વી અને ભવ્ય સ્વરૂપમાં ઊભું છે.

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માટે કુલ ૨૦૦૬ કરોડની જોગવાઇ

કમલમ્,

રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા તથા યુવાનો અને રમતવીરોને પ્રોત્સાહન આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે અને તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તેવા આયોજનો અમારી સરકારે સફળતાપૂર્વક અમલમાં મૂક્યા છે.

**રમતગમત ક્ષેત્રે ?૧૩૩૧ કરોડની જોગવાઇ**

- અમદાવાદને ઓલિમ્પિક રેડી સિટી બનાવવા અને SVP સ્પોર્ટસ એન્ક્લેવના વિકાસ માટે ૫૦૦ કરોડની જોગવાઈ.
- વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ અર્થે ૧૬૫ કરોડની જોગવાઈ.
- અમદાવાદ-ગાંધીનગર ખાતે રમતગમતને લગતી આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ૧૦૧ કરોડની જોગવાઈ.
- કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા ૧૦૦ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર ખાતે પેરા હાઈ પરફોર્મન્સ સેન્ટરના નિર્માણ માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- વૈશ્વિક કક્ષાના હોકી સ્ટેડીયમના નિર્માણ માટે ૯૦ કરોડની જોગવાઈ.

**પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે ૨૨૬ કરોડની જોગવાઇ**

- રાજ્ય રક્ષિત પુરાતત્વીય સ્મારકોના વિકાસ અને સંરક્ષણ માટે ૫ કરોડની જોગવાઈ.

**ગ્રંથાલયો માટે ૧૮૨ કરોડની જોગવાઇ**

- જિલ્લા તથા તાલુકા ગ્રંથાલયોના નિર્માણ માટે ૧૨૮ કરોડની જોગવાઈ.
- ૪ સ્માર્ટ જિલ્લા ગ્રંથાલયોના વિકાસ માટેનું આયોજન છે.
- નવરચિત ૧૭ તાલુકા મથકો ખાતે નવા ગ્રંથાલયો શરૂ કરવાનું આયોજન છે.

**યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી**

- ગુજરાતની ધરોહરને ઉજાગર કરવા સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન માટે ૮ કરોડની જોગવાઈ.
- નિયામકશ્રી, અભિલેખાગાર હસ્તકની કચેરીઓના આર્કાઈવલ રેકર્ડના સંરક્ષણ અને પુનઃ સ્થાપન માટે ૩ કરોડની જોગવાઈ.

## વિજ્ઞાાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ૨૬૩૪ કરોડની જોગવાઈ

કમલમ્,

- ગુજરાત સેમીકન્ડક્ટર પોલિસી હેઠળ ૧૧૦૦ કરોડની જોગવાઈ
- ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ પોલિસી અંતર્ગત સહાય માટે ૧૫૦ કરોડની જોગવાઈ.
- ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે ૫૦ કરોડની જોગવાઈ.
- ગુજરાતને અગ્રણી AI હબ તરીકે સ્થાપિત કરવા ગુજરાત ફ્યુચર ટેકનોલોજીસ ઈનિશીયેટીવ અંતર્ગત ૩૦ કરોડની જોગવાઈ.
- ગુજરાતને સ્પેસ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા ડેડીકેટેડ ગુજરાત સ્પેસ ટેક પોલિસી અંતર્ગત સ્પેસ ઈકોસિસ્ટમના વિકાસ માટે ૨૫ કરોડની જોગવાઈ.
- પોરબંદર ખાતે રીજનલ સાયન્સ સેન્ટરની સ્થાપના માટે ૨૫ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રોને આકર્ષવા માટે GCC (Global Capability Centre) પોલિસી માટે ૧૦ કરોડની જોગવાઈ.
- નવીનતા આધારિત સંશોધન, સ્થિરતા અને રોજગાર સર્જન દ્વારા હાઈ-પરફોર્મન્સ બાયોમેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા BioE3 સેલની સ્થાપના કરવામાં આવશે.
- વાવ-થરાદ જિલ્લા ખાતે જિલ્લા વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.

## કાયદા વિભાગ માટે કુલ ૨૭૦૨ કરોડની જોગવાઈ

કમલમ્,

દરેક વ્યકિતને સરળતાથી સમયસર ન્યાય મળી રહે તેવા હેતુથી ન્યાયતંત્રની વ્યવસ્થામાં વિસ્તાર કરી તેને સુદ્રઢ કરવામાં આવશે. અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયતંત્રને સજ્જ બનાવવા અમારી સરકાર કાર્યરત છે.

- વિવિધ સ્તરે કોર્ટ બિલ્ડિંગના બાંધકામ તથા મરામત માટે ૩૨૪ કરોડની જોગવાઈ.
- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેણાકના મકાનો માટે ૨૨૫ કરોડની જોગવાઈ.
- હાઈકોર્ટના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેકટ અંતર્ગત રાજ્યની અદાલતોમાં તમામ સ્તરે કમ્પ્યુટરાઈઝેશન અને ડિજિટાઈઝેશન માટે ૨૨ કરોડની જોગવાઈ.

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ૪૮૪૨ કરોડની જોગવાઈ

કમલમ્,

કિસાન સૂર્યોદય યોજના મારફત ખેડૂતો માટે દિવસના સમયે વીજ પુરવઠો આપી શકાય તે સુનિશ્ચિત કરી રાજ્યમાં ખેતીવાડી વીજ જોડાણ ધરાવતાં કુલ ૧૭ હજાર ૨૪૯ ગામોમાં આવેલ ખેતી આધારિત કુલ ૨૦ લાખ ૮૫ હજાર વીજગ્રાહકો પૈકી ૧૭ હજાર ૫૨ ગામોમાં ૧૯ લાખ ૯ હજાર વીજગ્રાહકોને દિવસે વીજળી આપવામાં આવી રહેલ છે.

- આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવા માટે ૧૧૬૬ કરોડની જોગવાઈ.
- ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ૫૦૦ કરોડની જોગવાઈ.
- સાગરકાંઠા તથા આદિજાતિ વિસ્તારોમાં નવા સબસ્ટેશનો સ્થાપવા માટે ૩૫૦ કરોડની જોગવાઈ.
- આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજળી પૂરી પાડવા જનજાતિય કલ્યાણ યોજના હેઠળ ૨૦૧ કરોડની જોગવાઈ.
- પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સ્ટેન્ડ અલોન-ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ માટે ૨૦૦ કરોડની જોગવાઈ.
- રસ્તાઓના વિસ્તૃતિકરણ વખતે અડચણરૂપ હયાત ટ્રાન્સમીશન લાઈન અને સંલગ્ન વીજમાળખાનું શિફટીંગ કરવા માટે ૧૨૫ કરોડની જોગવાઈ.
- ઊર્જા સંરક્ષણ યોજના માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના યાત્રાધામોમાં સતત વીજ પુરવઠો જળવાઈ રહે તે હેતુ ગ્રીન અને વીજસલામત ઝોન વિકસિત કરવા ૧૦૦ કરોડની જોગવાઈ.
- હાલના ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં રૂપાંતર કરવા માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હિકલ(EV) ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના વિકાસ માટે ૫૦ કરોડની જોગવાઈ.
- ખેતીવાડી ફીડરોના નેટવર્કની સુધારણા માટે "સર્જન યોજના" અંતર્ગત ૨૫ કરોડની જોગવાઈ.
- વીજ સલામતી પ્રત્યે જન જાગૃતિ કેળવી અકસ્માત નિવારણ તથા વીજ કર્મચારીની વ્યક્તિગત સુરક્ષા માટે સાધનોની ખરીદી હેતુ ૭ કરોડની જોગવાઈ.
- ઊર્જા ક્ષેત્રે સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવાના હેતુસર એનર્જી ઈનોવેશન ફંડ માટે ૫ કરોડની જોગવાઈ.

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે કુલ ૪૩૧૪ કરોડની જોગવાઈ

કમલમ્,

**વાહન વ્યવહાર**

- જાહેર પરિવહનમાં નાગરિકોની સલામતી અને સગવડતાને ધ્યાને લઈ આધુનિક ટેકનોલોજી ધરાવતી ૨૯૬૩ જેટલી નવી બસો માટે ૧૨૮૬ કરોડની જોગવાઈ.
- બાળકો અને સગીરોમાં ટ્રાફિક નિયમો તથા માર્ગ સલામતી અંગેની સમજ કેળવાય તે હેતુથી ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક વિકસાવવા ૨૫ કરોડની જોગવાઈ.
- ઝડપી અને પારદર્શી વહીવટ માટે E-Governance હેઠળ ૧૫ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં વાહન તથા લાયસન્સ સંબંધિત પ્રિમિયમ અને એક્સપ્રેસ સેવાઓ અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા ખાતે પૂરી પાડવા પ્રાયોગિક ધોરણે આયોજન છે.

**બંદરો પ્રભાગ**

- વિકસિત ગુજરાત @2047 ના લક્ષ્યાંકના દ્રષ્ટિકોણથી, ગુજરાતના બંદરોની હાલની વાર્ષિક ક્ષમતા ૬૦૦ મિલિયન મેટ્રિક ટનથી ૨૦૪૭ સુધીમાં ૩૦૦૦ મિલિયન મેટ્રિક ટન સુધી વધારવાનું આયોજન છે.
- ઈન્સેન્ટીવ અન્ડર શીપ બિલ્ડિંગ પોલિસી હેઠળ રાજ્યની શીપ બિલ્ડિંગ ક્ષમતા વધારવા જોગવાઈ.

## અન્ના, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ૨૮૫૬ કરોડની જોગવાઈ

કમલમ્,

- ૭૫ લાખ NFSA કાર્ડધારકોને અન્ન સુરક્ષાની સાથોસાથ પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાહત દરે કઠોળના વિતરણ માટે ૮૪૨ કરોડની જોગવાઈ.
- NFSA કાર્ડધારકોને યોજના મુજબ અન્ન પૂરું પાડવા ૭૦૦ કરોડની જોગવાઈ.
- "પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના" અને "પીએનજી/ એલપીજી સહાય યોજના" અંતર્ગત વર્ષમાં ૨ સિલિન્ડર વિનામૂલ્યે રીફીલીંગ કરી આપવા માટે ૪૨૫ કરોડની જોગવાઈ.
- રાજ્યના ૮ લાખ અંત્યોદય તથા ૨૪ લાખ બીપીએલ એમ મળી કુલ ૩૨ લાખ લાભાર્થી કુટુંબોને દર માસે રાહતદરે ખાંડના વિતરણ માટે ૨૦૮ કરોડની જોગવાઈ.
- NFSA તથા NON-NFSA હેઠળનાં BPL લાભાર્થીઓને જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે કુટુંબ દીઠ ૧૦૦ પ્રતિ લીટરના રાહતભાવે સિંગતેલના વિતરણ માટે ૧૧૭ કરોડની જોગવાઈ.
- વાજબી ભાવના દુકાન સંચાલકોને હાલ મળતાં કમિશનમાં વધારો કરીને ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કરવા માટે ?૬૭ કરોડની જોગવાઈ.
- ૭૫ લાખ NFSA લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ ૧ કિલો ડબલ ફોર્ટીફાઈડ મીઠાનું ૧ પ્રતિ કિ.ગ્રા.ના અત્યંત રાહતદરે વિતરણ માટે ૫૯ કરોડની જોગવાઈ.
- શ્રીઅન્ન(મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગી(નાગલી)ની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત ૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસની જોગવાઈ.
- કાનૂની માપવિજ્ઞાન તંત્ર માટે કુલ ૬૭ જેટલા વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરીના સાધનોની ખરીદી માટે ૨૮ કરોડની જોગવાઈ.
- NFSA લાભાર્થીઓને અન્ન પુરવઠો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા દિઠ એક વાજબી ભાવની દુકાન પર પ્રાયોગિક ધોરણે "Automatic Grain Dispensing Machine-અન્નપૂર્તિ" કાર્યરત કરવા માટેનું આયોજન.

## તંત્રી સ્થાનેથી......

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (IITGN) ના સંશોધકોએ સફળતાપૂર્વક એક નવીન હાઈબ્રિડ ઈલેક્ટ્રોડ વિકસાવ્યો છે જે એલ્યુમિનિયમ-આયન હાઈબ્રિડ કેપેસિટર્સ (AIHCs) ની સ્થિરતા અને કામગીરીમાં વધારો કરે છે. હાઈબ્રિડ કેપેસિટર્સ એ અદ્યતન ઊર્જા સંગ્રહ પ્રણાલીઓનો એક આશાસ્પદ વર્ગ છે જે સંગ્રહિત ઊર્જા પર આધારિત લાંબા ઉપકરણ કાર્ય સમય અને બેટરી તથા સુપરકેપેસિટર્સની ઝડપી ઊર્જા મુક્ત કરવાની વિશેષતાઓને અનુક્રમે જોડે છે. AIHCs કુદરતી વિપુલતા અને ઓછી કિંમતને કારણે ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. જો કે, લાંબી સાયકલ લાઈફ અને પર્યાવરણીય ટકાઉપણું ધરાવતી સુસંગત સામગ્રીની ડિઝાઈન કરવી એ એક મર્યાદા છે. જર્નલ ઓફ એનર્જી સ્ટોરેજમાં તાજેતરમાં પ્રકાશિત થયેલા અભ્યાસે, મેટલ-ઓર્ગેનિક ફ્રેમવર્ક (MOF-5), બોરોન નાઈટ્રાઈડ (BN) અને કાર્બન નેનોટ્યુબ્સ (CNTs) ધરાવતી નવી કેથોડ સામગ્રી અને CNT-કોટેડ એલ્યુમિનિયમ ફોઈલ એનોડ વિકસાવીને આ મુદ્દાને સંબોધિત કર્યો છે. MOFs એ એડજસ્ટેબલ છિદ્રો અને વિશાળ સપાટી વિસ્તાર ધરાવતી સ્ફટિકીય સામગ્રી છે જે ઊર્જા સંગ્રહ એપ્લિકેશન્સને ફાયદો કરી શકે છે. BN તેની થર્મલ સ્થિરતા અને યાંત્રિક શક્તિના ગુણધર્મો સાથે માળખાગત ટેકા તરીકે કાર્ય કરી શકે છે. CNTs પરસ્પર જોડાયેલા નેટવર્ક બનાવે છે જે અસાધારણ વિદ્યુત વાહકતા અને યાંત્રિક શક્તિ પ્રદાન કરી શકે છે. ‘‘આ ઘટકોના સંયોજનને પરિણામે શ્રેષ્ઠ ગુણધર્મો ધરાવતી હાઈબ્રિડ સામગ્રી મળી. તે અત્યંત સ્પર્ધાત્મક છે, જે ક્ષમતા, ઊર્જા અને પાવર ડેન્સિટી (ઘનતા) અને સાયકલિંગ સ્થિરતામાં શ્રેષ્ઠ છે. તેની કામગીરીને હાઈબ્રિડ અને પરસ્પર જોડાયેલા છિદ્રાળુ માળખા અને ઉપકરણની અંદર આયન્સ અથવા ચાર્જ થયેલા કણોના કાર્યક્ષમ પરિવહન જેવી સુવિધાઓને આભારી ગણી શકાય,’’ તેમ અભ્યાસના પ્રથમ લેખક ડૉ. પ્રશાંત દુબેએ સમજાવ્યું. ડૉ. દુબેએ આ પ્રોજેક્ટ IITGN માં અર્લી કરિયર ફેલો તરીકે પૂર્ણ કર્યો હતો. હાલમાં, તેઓ નાગોયા યુનિવર્સિટી, જાપાનમાં જાપાન સોસાયટી ફોર ધ પ્રમોશન ઓફ સાયન્સ (JSPS) પોસ્ટડોક્ટરલ ફેલો છે. ડૉ. અતુલ ભાર્ગવના જણાવ્યા મુજબ, ‘‘એક મહત્વની વિશેષતા એલ્યુમિનિયમ ફોઈલ પર ઝદ્ધ કોટિંગનો ઉપયોગ હતી. આ કોટિંગ સપાટીની વાહકતામાં વધારો કરે છે અને ચાર્જ તથા ડિસ્ચાર્જ પ્રક્રિયા દરમિયાન એલ્યુમિનિયમ આયનોને સમાન રીતે ફેલાવવાનું કારણ બને છે. તે અસરકારક રીતે એલ્યુમિનિયમની સપાટી પર જંગ (કાટ) અને પાતળા ‘બ્લોકિંગ’ લેયરની રચનાને અટકાવે છે જે વીજળીનું વહન કરવામાં નિષ્ક્રિય હોય છે.’’ ડૉ. ભાર્ગવ મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગમાં પ્રોફેસર અને એનર્જી સિસ્ટમ્સ રિસર્ચ લેબોરેટરી (ESRL) માં પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર છે. તેમનો એક મુખ્ય સંશોધન રસ બિલ્ડિંગ એનર્જી અને ઊર્જા વપરાશના ઑપ્ટિમાઈઝેશન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે ભારત સરકારના ઊર્જા વિભાગ અને નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયની અનેક પહેલો સાથે સંરેખિત છે. તેઓ સેલિગન્ટ એનર્જી સિસ્ટમ્સના સ્થાપક અને નિર્દેશક છે, IIT ગાંધીનગર ઈનોવેશન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ સેન્ટર ખાતે ઈન્ક્યુબેટેડ સ્ટાર્ટઅપ છે. ડૉ. ભાર્ગવ IITGN ના કિરણ સી પટેલ સેન્ટર ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (KPCSD) સાથે પણ જોડાયેલા છે. હાઈબ્રિડ ઉપકરણે વ્યક્તિગત MOF-5, BN અને CNT સંકળાયેલા ઉપકરણો કરતા નોંધપાત્ર રીતે વધુ સારું પ્રદર્શન કર્યું.

# ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ

કમલમ્,

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવા ૪૦૦ કરોડની જોગવાઈ.
- ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવા, કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ માટે તેમજ ૮ કાર્યરત કોલેજોમાં વધારાનો નવો પ્રવાહ શરૂ કરવા ૧૨૬ કરોડની જોગવાઈ.
- સરકારી કોલેજ તેમજ રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્પોર્ટસને લગતી સુવિધાઓના વિકાસ માટે ૯૬ કરોડની જોગવાઈ.
- i-Hub, અમદાવાદ અને i-Hub ના ચાર પ્રાદેશિક કેન્દ્રો ખાતે વિવિધ કામગીરી માટે ૮૦ કરોડની જોગવાઈ.
- સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે ભૌતિક સંસાધનો, વિવિધ આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શૈક્ષણિક સોફ્ટવેર પૂરા પાડવા માટે ૬૭ કરોડની જોગવાઈ.
- એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે હોસ્ટેલ કેમ્પસના વિકાસ માટે બોયઝ હોસ્ટેલના બે નવા બ્લોકના બાંધકામ માટે ૫૧ કરોડની જોગવાઈ.
- એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ, અમદાવાદ ખાતે રિસર્ચ પાર્કના બાંધકામ માટે ૫૧ કરોડની જોગવાઈ.
- ઉચ્ચ શિક્ષણની ૧૩૬ સરકારી કોલેજોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરી મરામત, જાળવણી અને સંરક્ષણ સંબંધિત કામગીરી માટે કુલ ૪૬ કરોડની જોગવાઈ.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ માટે ૪૫ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવા ૪૫ કરોડની જોગવાઈ.
- કૌશલ્ય સહાય સ્કીમ હેઠળ ઈન્ટર્નશિપ માટે અંદાજિત ૨ લાખ ૧૨ હજાર વિદ્યાર્થીઓને આર્થિક પ્રોત્સાહન આપવા ૪૩ કરોડની જોગવાઈ.
- એલ.ઈ. કોલેજ, મોરબી ખાતે માળખાકીય સુવિધાઓ, લેબોરેટરીઝના અપગ્રેડેશન, નવા કોર્સીસ શરૂ કરવા અને સંસ્થાને ઓટોનોમસ દરજ્જો આપવા માટે ૩૫ કરોડની જોગવાઈ.
- રાજકોટ ખાતે એન.સી.સી. લીડરશીપ એકેડેમીના બાંધકામ માટે ૩૧ કરોડની જોગવાઈ.
- રાજ્યની યુનિવર્સિટીમાં વાઈલ્ડ લાઈફ લર્નિંગ એક્સટેન્શન, એડવાન્સ મટીરિયલ સેન્ટર, સેમી કન્ડક્ટર, હેરીટેજ, આર્કિયોલોજી, લાઈફ લોન્ગ લર્નિંગ જેવા અભ્યાસક્રમો શરૂ કરવા ૨૮ કરોડની જોગવાઈ.
- ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજોમાં અભ્યાસ કરતા ૧૯ લાખ ૮૪ હજાર વિદ્યાર્થીઓને યુથ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ માટે આયોજન.
- ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે જોડી Industry-ready બનાવવા માટે જોગવાઈ.
- ગુજરાત નેવલ યુનિટ, ભાવનગર ખાતે બોટ હાઉસના નિર્માણ માટે જોગવાઈ.

# શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૩૩૫૦૪ કરોડની જોગવાઈ

કમલમ્,

રાજ્યની લગભગ ૪૮%થી વધુ વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. શહેરીજનોની સુખાકારી અને આજીવિકામાં વધારો થાય અને વધુ સારી જાહેર સુવિધાઓ મળે તેવા અભિગમ સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે.

- શહેરી માળખાગત સુવિધાઓ માટેની અગત્યની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે ૧૬ હજાર ૧૧૬ કરોડની જોગવાઈ.
- શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને નાણાકીય સહાય માટે ૩૩૫૪ કરોડની જોગવાઈ.
- અમદાવાદ અને સુરત મેટ્રો વિસ્તરણ સહિત ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ૨૨૧૭ કરોડની જોગવાઈ.
- અમૃત મિશન ૨.૦ હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ વ્યવસ્થા, તળાવોનો વિકાસ અને પરિવહન માળખા માટે ૧૯૦૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા માટે ૧૪૨૦ કરોડની જોગવાઈ.
- શહેરોમાં વિવિધ વિકાસ કાર્યો માટે નાણાપંચ હેઠળ ૧૩૭૬ કરોડની જોગવાઈ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગુજરાત રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશિપ પ્રોગ્રામ તથા AUDA વિસ્તાર માટે પેરી-અર્બન લિવેબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત બાહ્ય ભંડોળ માટે ૮૦૦ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન(અર્બન) ૨.૦, નિર્મળ શહેર અને નિર્મળ ગુજરાત ૨.૦ માટે કુલ ૫૭૭ કરોડની જોગવાઈ.
- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રૉસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવર બ્રિજ/અંડર બ્રિજ બનાવવા માટે ૩૫૦ કરોડની જોગવાઈ.
- ઝીરો વેસ્ટ શહેરો – નિર્મળ ગુજરાત ૨.૦ અને પિક ટોઈલેટ માટે કુલ ૩૨૯ કરોડની જોગવાઈ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે માળખાગત સુવિધાઓના વિકાસ માટે ૨૩૬ કરોડની જોગવાઈ.
- શહેરી પરિવહનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સ્માર્ટ પાર્કિંગ તથા ઈનટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે ૨૦૦ કરોડની જોગવાઈ.
- ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે ૧૮૦ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર ખાતે નમો સેન્ટ્રલ લાઈબ્રેરી અને રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓ ખાતે ડિજિટલ લાઈબ્રેરી બનાવવા કુલ ૧૫૦ કરોડની જોગવાઈ.
- દરેક મહાનગરપાલિકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને ફ્લાયઓવર નીચે સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે ૧૫૦ કરોડની જોગવાઈ.
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ ૧૫૦ કરોડની જોગવાઈ.
- લોથલ અને અંબાજીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન અપાવવા માળખાગત સુવિધાઓના વિકાસ માટે કુલ ૧૪૭ કરોડની જોગવાઈ.
- ભાવનગર, રાજકોટ, જામનગર અને જૂનાગઢમાં MICE (Meᵃing, Incentives, Conferences and Exhibitions) ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી નગર નવજીવન યોજના માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- SG હાઈવેને ગ્રીન શહેરી હાઈવે તરીકે વિકસાવવા માટે ૧૦૦ કરોડની જોગવાઈ.
- શહેરી વિસ્તારોમાં Mission Daily Water Supply અને જીવન ધારા યોજના અંતર્ગત કુલ ૧૦૦ કરોડની જોગવાઈ.
- આઈકોનિક અને નવીન પ્રોજેક્ટ દ્વારા શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવવાના હેતુથી અર્બન ચેલેન્જ ફંડ હેઠળ ૧૦૦ કરોડની જોગવાઈ.
- સુગમ્ય ઉદ્યાન યોજના, નમો ગૌરવ પાર્ક અને લીનીયર પાર્ક જેવા આઈકોનિક ઉદ્યાનો તથા લેક વોચ અને એર વોચ માટે ૯૦ કરોડની જોગવાઈ.
- કેચ ધ રેઈન યોજના માટે ૮૦ કરોડની જોગવાઈ.
- અગ્નિ નિવારણ સેવાની આનુષંગિક કામગીરી માટે ૭૫ કરોડની જોગવાઈ.
- ૨૪ નવા સબ મોડેલ ફાયર સ્ટેશન તથા ગુજરાત સ્ટેટ ફાયર એકેડમી શરૂ કરવા ૫૦ કરોડની જોગવાઈ.
- અફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ યોજના અંતર્ગત ૫૦ કરોડની જોગવાઈ.
- ગુજરાત અર્બન એટલાસ હેઠળ મિલકતો અને ઉપયોગિતાઓના GIS મેપિંગ તથા મુખ્ય શહેરી પ્રોજેક્ટ માટે ૫૦ કરોડની જોગવાઈ.
- નમો સ્વદેશી અર્બન મોલ અને સ્વદેશી મેળાઓ યોજવા માટે ૪૫ કરોડની જોગવાઈ.
- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે ૪૫ કરોડની જોગવાઈ.
- PM E-બસ યોજના માટે ?૪૦ કરોડની જોગવાઈ.

# આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ૫૪૨૫ કરોડની જોગવાઈ

કમલમ્,

વનબંધુઓના સામાજિક સશક્તિકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. જનજાતિય કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ કુટુંબોના સર્વાંગી વિકાસ માટે અમારી સરકાર મક્કમપણે આગળ વધી રહી છે.

- અંદાજે ૨ લાખ ૩૫ હજાર વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિનો લાભ આપવા ૯૦૯ કરોડની જોગવાઈ.
- ૬૬૫ આશ્રમ શાળાઓના ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ૫૯૫ કરોડની જોગવાઈ.
- સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામ માટે ૬૭૯ કરોડની જોગવાઈ.
- ૧૭૬ સરકારી કુમાર-કન્યા છાત્રાલયો અને ૮૯૩ ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ ૧૦૬૯ છાત્રાલયોના ૭૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે ૩૨૭ કરોડની જોગવાઈ.
- ૧૦ ઈ.એમ.આર.એસ., ૪૩ જી.એલ.આર.એસ., ૧૨ મોડેલ શાળાઓ તથા ૨ સૈનિક શાળાઓના અંદાજે ૨૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે ૨૦૪ કરોડની જોગવાઈ.
- પ્રિ-મેટ્રિકના કુલ ૧૧ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવા ૧૩૮ કરોડની જોગવાઈ.
- ૭૪ આદર્શ નિવાસી શાળાઓના અંદાજે ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે ૧૩૪ કરોડની જોગવાઈ.
- ધો. ૧ થી ૮ ના અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે ૯૮ કરોડની જોગવાઈ.
- નર્મદા જિલ્લાના રાજપીપળા મુકામે બિરસામુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે ૩૪ કરોડની જોગવાઈ.
- અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના માટે ૨૬ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વ્યકિતઓને જાતિ પ્રમાણપત્રના માન્યતા પ્રમાણપત્ર ઝડપથી મળી રહે તે માટે વિભાગીય વિશ્લેષણ સમિતિનું વિસ્તૃતિકરણ અને સુદ્રઢિકરણ કરવાનું આયોજન.
- મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૨૫ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના માટે ૧૧૧ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૦૦ કરોડની જોગવાઈ.
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ ૬૫ કરોડની જોગવાઈ.
- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે ૪૨ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જનજાતિના પરિવારો માટે આજીવિકા ઉપાર્જન કરવા ૪૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય માટે ૩૦ કરોડની જોગવાઈ.
- રવિ ઋતુ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના માટે ૨૫ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારના ગામોમાં મોબાઈલ કનેક્ટીવીટી સુદ્રઢ કરવા નવા મોબાઈલ ટાવર ઉભા કરવા ૨૫ કરોડની જોગવાઈ.
- યુવક-યુવતીઓને વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર મારફતે રોજગારલક્ષી તાલીમ માટે ૧૨ કરોડની જોગવાઈ.
- ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત ૨૦૦ કરોડની જોગવાઈ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ કરોડની જોગવાઈ.
- વ્યકિતગત આવાસ યોજના અંતર્ગત ૧૪૬ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશ્યાલિટી/મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ/જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ ૨૨ કરોડની જોગવાઈ.
- કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના માટે ૧૪ કરોડની જોગવાઈ.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ૨૫૪૦૩ કરોડની જોગવાઈ

કમલમ્,

આપણે ત્યાં કહેવત છે કે ‘‘પહેલું સુખ તે જાતે નર્યા’’ આરોગ્ય-તંદુરસ્તીને સાચી સંપતિ અને સુખ માનવામાં આવે છે. આ માટે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીએ યોગથી લઈને આયુષ્યમાન સુધીની સુવિધા સુલભ બનાવી છે. પ્રાથમિક આરોગ્યથી માંડીને સ્પેશ્યાલિટી સારવાર સુધીની સગવડોમાં વધારો કરવા અમારી સરકાર પ્રતિબદ્ધ છે.

- પ્રધાનમંત્રી જન આરોગ્ય–મુખ્યમંત્રી અમૃતમ(મા યોજના) હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના અંદાજે ૨ કરોડ ૭૨ લાખ લોકોને ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર માટે ૩૪૭૨ કરોડની જોગવાઈ.
- G.M.E.R.S સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે ૧૮૫૧ કરોડની જોગવાઈ.
- આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે ૫૦૨ કરોડની જોગવાઈ.
- અમદાવાદ તેમજ સુરત ખાતે બનનારી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ તથા કેન્સર, કાર્ડિયાક-ન્યુરો, યુરો-નેફ્રો સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ માટે ૫૦૦ કરોડની જોગવાઈ.
- સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા ૨૦૦ કરોડની જોગવાઈ.
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ તેમજ સેટેલાઈટ સેન્ટર સુરત, સોલા-અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર માટે ૧૮૬ કરોડની જોગવાઈ.
- યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદ તથા સેટેલાઈટ સેન્ટર સુરત, સોલા-અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, રાજકોટ અને પોરબંદર માટે ૧૬૭ કરોડની જોગવાઈ.
- ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈનસ્ટિટ્યૂટ, અમદાવાદ તથા સેટેલાઈટ સેન્ટર રાજકોટ, ભાવનગર, પોરબંદર, વલસાડ, સિધ્ધપુર, હિંમતનગર અને ગોધરા માટે ૧૫૩ કરોડની જોગવાઈ.
- પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ ખાતે એક હજાર બેડની ક્ષમતાની હોસ્પિટલ માટ ૯૦ કરોડની જોગવાઈ.
- ૭ સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ક્લોઝ સિસ્ટમ આઈ.સી.યુ.ની સેવાઓ ઉપલબ્ધ કરાવવા તબીબી સાધનોની ખરીદી કરવા ૬૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ ખાતે ન્યુરો, ઓર્થો, સ્પોર્ટસ ઈન્જરી રીહેબીલીટેશન સેન્ટર, ગર્વમેન્ટ સ્પાઈન ઈનસ્ટિટ્યૂટ ખાતે ચાલતી ફિઝિયોથેરાપી, ઓર્થોટીક અને પ્રોસ્થેટીક, ઓકયુપેશનલ થેરાપી અને સ્પીચ થેરાપી કોલેજો તેમજ હોસ્ટેલ માટે ૫૮ કરોડની જોગવાઈ.
- નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સ્ટાફ કવાટર્સનું બાંધકામ કરવા ૫૩ કરોડની જોગવાઈ.
- સરકારી મેડિકલ કોલેજ, વડોદરા ખાતે હોસ્ટેલનું બાંધકામ કરવા ૪૧ કરોડની જોગવાઈ.
- જિલ્લા/પેટા જિલ્લા હોસ્પિટલ ખાતે ડિસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરની સ્થાપના માટે તબીબી ઉપકરણો વસાવવા ૩૬ કરોડની જોગવાઈ.
- અમદાવાદ ખાતે સુપર સ્પેશ્યાલિટી હોસ્ટેલ અને મેસના મકાન માટે ૩૫ કરોડની જોગવાઈ.
- ટી.બી.ના દર્દીઓને "Ready to Eat Nut®iious snacks" આપવા ૩૦ કરોડની જોગવાઈ.
- વલસાડ, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર અને કચ્છ જિલ્લાના ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે ૨૮ કરોડની જોગવાઈ.
- જામનગરની સરકારી ફિઝિયોથેરાપી કોલેજના હોસ્પિટલ તથા હોસ્ટેલ બિલ્ડીંગ માટે ૨૬ કરોડની જોગવાઈ.
- ‘‘હોમ બેઝ્ડ કેર ફોર યંગ ચાઈલ્ડ" યોજના માટે ૨૨ કરોડની જોગવાઈ.
- ખોરાક અને ઔષધ પ્રયોગશાળા, સુરત માટે ૧૭ કરોડની જોગવાઈ.
- માતૃબાળ કલ્યાણ સેવાઓ સુદ્રઢ કરવા ૨૫૦ ખિલખિલાટ વાન ખરીદવા ૧૬ કરોડની જોગવાઈ.
- સ્કૂલ હેલ્થ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોને આરોગ્ય કાર્ડ આપવાનું આયોજન.

# કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ૨૪૦૨૨ કરોડની જોગવાઈ

કમલમ્,

**પાક કૃષિ વ્યવસ્થા**

- ખેડૂતોને વીજ સહાય આપવા ૯૩૨૪ કરોડની જોગવાઈ.
- સૂક્ષ્મ સિંચાઈ માટે ૧૨૫૦ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય માટે ૭૬૫ કરોડની જોગવાઈ.
- નાના ગોડાઉન બનાવવા ‘‘મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના’’ અંતર્ગત અંદાજિત ૧૫ હજાર ૪૩૬ ખેડૂતોને ૧ લાખ સહાય આપવા ૧૫૪ કરોડની જોગવાઈ.
- ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં ૪ લાખ સુધીનું વીમા રક્ષણ આપવા ૧૪૬ કરોડની જોગવાઈ.
- અદ્યતન ડ્રોન ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રીપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા ૭૭ કરોડની જોગવાઈ.
- ખેડૂત ખાતેદારને વિનામૂલ્યે સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવા મુખ્યમંત્રી સોઈલ હેલ્થ અભિયાન માટે ૧૪ કરોડની જોગવાઈ.
- ડાંગર, કઠોળ પાક, તેલીબિયાં પાક, ફાર્મ મિકેનાઈઝેશન, વેલ્યુ એડીશન અને એગ્રો પ્રોસેસીંગ માટેના છ (૬) સેન્ટર ઓફ એક્સલન્સ કેન્દ્ર ઉભા કરવા ૧૨ કરોડની જોગવાઈ.
- જમીનમાં ઓર્ગેનિક કાર્બનનો વધારો થાય તે હેતુસર ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોર અને લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યોરના ઉપયોગને પ્રોત્સાહન આપવા ૧૦ કરોડની જોગવાઈ.
- બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ ૭૯૮ કરોડની જોગવાઈ.
- ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમથી ખેડૂતોની આવક વધારવા ૩૦ કરોડની જોગવાઈ.
- રાઈઝોમેટીક(આદુ અને હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ માટે ૧૨ કરોડની જોગવાઈ.
- રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ જામનગર, ભૂજ અને ખેડબ્રહ્મા ખાતેની કોલેજોમાં માળખાકીય સુવિધા ઊભી કરવા તેમજ કૃષિ યુનિવર્સિટીઓના આધુનિકીકરણ, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે ૧૦૬૩ કરોડની જોગવાઈ.
- પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃત્તિઓ માટે ૩૯૨ કરોડની જોગવાઈ.
- ‘‘મુખ્યમંત્રી ગૌમાતા પોષણ’’ યોજના અંતર્ગત ૫૦૦ કરોડની જોગવાઈ.
- કામધેનુ યુનિવર્સિટીના પશુ વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનની વિવિધ યોજનાઓ માટે ૪૨૪ કરોડની જોગવાઈ.
- ગાભણ પશુ અને વિયાણ થયેલ પશુ માટે ખાણદાણ સહાયની યોજનામાં કુલ ૧ લાખ ૫૩ હજાર લાભાર્થીઓ આવરી લેવા ૬૧ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ફરતાં પશુ દવાખાનાની સેવાઓ માટે ૫૬ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે ૫૨ કરોડની જોગવાઈ.
- દરેક જિલ્લાની "પશુ કલ્યાણ સમિતિ"ને સહાય માટે ૩૪ કરોડની જોગવાઈ.
- મોટા દુધાળાં પશુના ડેરી ફાર્મ માટે ૩૨ કરોડની જોગવાઈ.
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ ભૂજ અને હિંમતનગર ખાતેની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલયનાં સુદ્રઢીકરણ માટે ૧૮ કરોડની જોગવાઈ.
- ખેડૂતો-પશુપાલકોને સુધારેલ જાતના બિયારણ મીનીકીટ પૂરી પાડવા અને ચાફકટરની ખરીદી પર સહાય આપવા ૧૬ કરોડની જોગવાઈ.
- સેક્સ્ડ સીમેન ડોઝના ઉત્પાદન માટે ૧૩ કરોડની જોગવાઈ.
- પશુઓમાં વંધ્યત્વ નિવારણ માટેના કેમ્પ આયોજિત કરવા ૧૩ કરોડની જોગવાઈ.
- મરઘા પાલન માટે આર.આઈ.આર. પક્ષી એકમ અને બ્રોઈલર પક્ષી ફાર્મ માટે સહાય આપવા ૧૨ કરોડની જોગવાઈ.
- પાડી-વાછરડી ઉછેર માટે સહાય પૂરી પાડવા ૧૨ કરોડની જોગવાઈ.
- બકરા એકમ સહાય માટે કુલ ૧૧ કરોડની જોગવાઈ.
- પશુઓમાં ગર્ભધારણનું નિદાન કરવા Rapid Test Kit માટે ૧૦ કરોડની જોગવાઈ.
- કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન મહુવા-ભાવનગર ખાતે મત્સ્ય વિજ્ઞાન માટે ૯ કરોડની જોગવાઈ.
- દુધાળાં પશુના વીમાનાં પ્રીમિયમ પર સહાય માટે ૬ કરોડની જોગવાઈ.
- કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા જોગવાઈ.
- સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને પ્રોત્સાહન આપવા જોગવાઈ.
- પશુપાલકોને પશુમાં IVFથી ગર્ભધારણ માટેની સહાય આપવા જોગવાઈ.
- ઉકાઈ ખાતે સેન્ટર ઓફ એક્સલન્સ ઈન એક્વાકલ્ચર, મોનોસેક્સ તીલાપીયા હેચરીની સ્થાપના માટેનું આયોજન.
- રાજ્યના નોટિફાઈડ ૧૦૪ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ૩૬૧ કરોડની જોગવાઈ.
- માછીમારોને ડીઝલ ખરીદી પર વેટ રાહત સહાય માટે ૩૦૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા તળે લાભાર્થીલક્ષી યોજના માટે ૧૨૮ કરોડની જોગવાઈ.
- ભાંભરાપાણીમાં મત્સ્યોદ્યોગ માટે ૧૧૫ કરોડની જોગવાઈ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્ર માટે સામાન્ય વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ લાભાર્થીઓ માટે ૧૧૨ કરોડની જોગવાઈ.
- દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે વિવિધ સાધન ખરીદી ઉપર સહાય તેમજ પાકિસ્તાન ખાતે જેલમાં બંધ માછીમારોને આર્થિક સહાય માટે ૧૦૭ કરોડની જોગવાઈ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે તથા ભાંભરા પાણીમાં ફીશ કેજ કલ્ચર કરતા મત્સ્ય ખેડૂતોને ઈનપુટ સહાય માટે ૫૧ કરોડની જોગવાઈ.
- દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ અને હુક એન્ડ લાઈન ઉપર સહાય પેટે ૪૦ કરોડની જોગવાઈ.
- ડીપ-સી ફીશીંગ વેસલ્સ ઉપર સહાય માટે ૧૫ કરોડની જોગવાઈ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે ફિશ પ્રોસેસીંગ પ્લાન્ટની સ્થાપના માટે ૧૦ કરોડની જોગવાઈ.
- મત્સ્યોદ્યોગ કાયદાના અમલીકરણ માટે મરીન એન્ફોર્સમેન્ટ વિંગ માટે જોગવાઈ.
- સમયસર ચુકવણી કરનાર કિસાન ક્રેડિટ કાર્ડના લાભાર્થીઓને ૩ લાખ સુધી ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ આપવા માટે ૧૫૩૯ કરોડની જોગવાઈ.
- ગોડાઉન નિર્માણ યોજના અંતર્ગત મંડળીઓ અને સંઘોને સહાય માટે ૩૦ કરોડની જોગવાઈ.
- પેક્સ દ્વારા ગોડાઉન નિર્માણ માટે સહાય આપવા ૨૧ કરોડની જોગવાઈ.
- ખાંડ સહકારી મંડળીઓને લોન પર વ્યાજ સહાય આપવા ‘સાકર’ યોજના અંતર્ગત સામાન્ય અને આદિજાતિ વિસ્તારો માટે કુલ ૨૦ કરોડની જોગવાઈ.

# નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે કુલ ૨૫૯૬૦ કરોડની જોગવાઈ

કમલમ્,

**જળસંપત્તિ પ્રભાગ માટે ૧૩૯૪૪ કરોડની જોગવાઇ**

દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઈપ લાઈન યોજના માટે ૧૨૩૭ કરોડ, સૌની યોજના માટે ૪૭૩ કરોડ તથા કચ્છની યોજના માટે ૧૩૩૩ કરોડ એમ કુલ ૩૦૪૩ કરોડની જોગવાઈ.

- હયાત સિંચાઈ માળખાના વિસ્તરણ, સુધારણા અને આધુનિકીકરણ માટે ૧૪૨૦ કરોડની જોગવાઈ.
- ચોમાસામાં દરિયામાં વહી જતાં પાણીને રોકવા માટે મોટા ચેકડેમ-વિયર બાંધવા ૮૯૬ કરોડની જોગવાઈ.
- ડેમ સેફ્ટી માટે ૬૯૩ કરોડની જોગવાઈ.
- સાબરમતી નદી પર કુલ ૧૪ વિયર-બેરેજ બનાવવાના કરેલ આયોજનમાં પાંચ વિયર-બેરેજનાં કામો પૂર્ણ થયેલ છે, બાકી રહેતા કામો પૂર્ણ કરવા ૬૨૪ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારમાં ઉદ્વહન સિંચાઈ યોજના માટે ૪૮૫ કરોડની જોગવાઈ.
- ડાંગ જિલ્લામાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદી પર ૪૩ મોટા ચેકડેમો/વીયર બાંધકામથી ૨૧૦૫ હેક્ટર વિસ્તારને લાભ મળશે. જેના માટે ૧૫૦ કરોડની જોગવાઈ.
- વલસાડ જિલ્લાના મધુબન ડેમ આધારિત ધરમપુર–કપરાડા ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા ૩૫ ગામોના ૧૬૨૩૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે. જેના માટે ૮૫ કરોડની જોગવાઈ.
- છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત ઉદ્વહન સિંચાઈ યોજનાથી ૧૮ તાલુકાના ૫૧૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે.
- સમુદ્રની ભરતીનું ખારું પાણી નર્મદા નદીમાં પ્રવેશતું અટકાવવા ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામે બેરેજની યોજના પ્રગતિ હેઠળ છે. જે માટે ૧૭૦૦ કરોડની જોગવાઈ. સરદાર સરોવર યોજના માટે કુલ ૩૩૧૭ કરોડની જોગવાઈ
- અમદાવાદ જિલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં (ફેઝ-૨) સિંચાઈ સુવિધા વધારવા માટે ૬૦૦ કરોડની જોગવાઈ.
- સુરેન્દ્રનગર જિલ્લાનાં લખતર તાલુકાના ભાસ્કરપુરા ગામ તળાવથી ધોલેરા SIR વિસ્તારને પાઈપલાઈન દ્વારા 100 MLD પાણી પૂરું પાડવા માટે ૩૦૦ કરોડની જોગવાઈ.
- કચ્છ જિલ્લામાં દુધઈ સબ-બ્રાન્ચ કેનાલના કામો માટે ૨૩૦ કરોડની જોગવાઈ.
- પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ૧૧ ગામોના કમાન્ડ વિસ્તાર બહારના વિસ્તાર માટે સિંચાઈ ઉદ્વહન પાઈપ પ્રોજેક્ટ માટે ૮૦ કરોડની જોગવાઈ.

**પાણી પુરવઠા પ્રભાગ માટે ૬૯૮૪ કરોડની જોગવાઇ**

લોકોના આરોગ્ય અને જીવન ધોરણમાં સુધારા માટે પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુકત પીવાનું પાણી નિયમિત રીતે મળી રહે તે માટે રાજ્ય સરકાર ભગીરથ પ્રયત્નો કરે છે.

- ધોલેરા Special Investment Regionને પાણીનો પ્રવાહ અવિતરપણે મળી રહે તે માટે નવીન ૧૦૦ એમ.એલ.ડી બલ્ક પાઈપલાઈન નેટવર્ક માટે ૬૫૦ કરોડના કામોનું આયોજન.
- આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૬૫૧ ગામોને આવરી લેતી ૨૬ જૂથ યોજનાઓ માટે ૨૮૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના આદિજાતિ અને અન્ય વિસ્તારો માટે મહત્વની યોજનાઓની કામગીરી જેમાં મુખ્યત્વે,
  - o આદિવાસી વિસ્તારના ડાંગ જિલ્લાના કુલ ૨૭૬ ગામો તથા ૩ શહેરોનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાની જૂથ પાણી પુરવઠા યોજના માટે ૮૬૬ કરોડના કામો પ્રગતિ હેઠળ.
  - o વાવ-થરાદ જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારીત ૨૪૦ ગામો માટેની સુધારણા યોજના માટે ૩૪૬ કરોડના કામો માટે જોગવાઈ.
  - o બનાસકાંઠા જિલ્લામાં ધરોઈ જળાશય આધારીત અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના માટે ૧૫૩ કરોડના કામો પ્રગતિ હેઠળ.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભવિષ્યની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા ઢાંકીથી નાવડા બલ્ક પાઈપલાઈનના કામો પ્રગતિમાં છે. જેમાં,
  - o અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર જિલ્લાઓ માટેની ઢાંકી થી નાવડા સુધીની બલ્ક પાઈપલાઈન માટે ૧૦૪૪ કરોડના કામો પ્રગતિ હેઠળ.
- સામાન્ય વિસ્તાર તેમજ આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ગામોમાં પાણી વેરાની મહત્તમ વસુલાત કરવામાં આવે તે માટે પ્રોત્સાહક રકમ આપવા ૬૩ કરોડની જોગવાઈ.
- પીવાના પાણીની ગુણવત્તા અને નિયમનને વધુ સુદ્રઢ કરવા માટે તાલુકા કક્ષાએ ૧૫ નવીન લેબોરેટરીની સ્થાપના માટે ૧૫ કરોડની જોગવાઈ.

# પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૪૮૫૮ કરોડની જોગવાઈ

કમલમ્,

ગામડાના છેવાડાના માનવીને પણ તમામ સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે રાજ્ય સરકારનું લક્ષ્ય છે. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં વસતા પરિવારોને પોતાનું પાકું ઘર પ્રદાન કરવા છેલ્લા ૩ વર્ષમાં ૨ લાખ ૫૨ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરેલ છે. તેમજ આગામી વર્ષમાં આશરે ૧ લાખ ૬૦ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવાનું આયોજન છે.

- "ગુજરાત સ્વચ્છ ગામ", "સ્વસ્થ ગામ યોજના", "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" તથા "નિર્મળ ગુજરાત ૨.૦"ને એકીકૃત કરીને "મુખ્યમંત્રી નિર્મળ ગ્રામ યોજના" હેઠળ ૬૫૦ કરોડની જોગવાઈ.
- સક્ષમ ગ્રામ સમૃદ્ધ ગ્રામ હેઠળ ૨૬૭ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના હેઠળ ૧૦૦ કરોડની જોગવાઈ.
- ગ્રામ્ય કક્ષાએ બહુઉદ્દેશીય સામાજિક માળખુ ઊભુ કરવા "અટલવાડી" યોજના હેઠળ ૬૦ કરોડની જોગવાઈ.
- પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ હેઠળ ૫૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ કુલ ૧૭૫૫ કરોડની જોગવાઈ.
- વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) (VB-G RAM G) અંતર્ગત કુલ ૧૫૦૦ કરોડનું આયોજન.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦ હેઠળ ૧૨૨ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ કેટેગરી-એ માં સમાવિષ્ટ લાભાર્થીઓ માટે રાજ્ય સરકારના ફાળામાંથી(ટોપ-અપ) ૯૦ કરોડની જોગવાઈ.
- ૪૦૦ ગામોનું ગ્રે-વોટર સીધેસીધુ તળાવોમાં ભળી જતું અટકાવવા પ્રવાહી કચરાની ટ્રીટમેન્ટ માટે ૫૦ કરોડની જોગવાઈ.
- મિશન મંગલમ યોજના હેઠળ લખપતિ દીદીને વ્યાજ સહાય અને પ્રોત્સાહન પુરું પાડવા ૪૭ કરોડની જોગવાઈ.
- સ્વ-સહાય જૂથની મહિલાઓની આજીવિકામાં વધારો થાય અને સીધું માર્કેટ પ્લેટફોર્મ મળી રહે તે માટે ૨૫ કરોડની જોગવાઈ.
- સ્વ-સહાય જૂથની બહેનોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે તે માટે "ગ્રામ હાટ" સ્થાપવા માટે ૨૦ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના હેઠળ સામૂહિક શૌચાલયની સહાયમાં ૨ લાખનો વધારો કરવા ૧૦ કરોડની જોગવાઈ.

# માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ૨૯૭૦૯ કરોડની જોગવાઈ

કમલમ્,

રાજ્યના વિકાસ માટે માર્ગો અને પુલોના માળખાને વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. જરૂરિયાત મુજબના તથા ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને હાઈ સ્પીડ કૉરિડોરમાં અપગ્રેડ અને નિર્માણ કરવાનું આયોજન છે.

- રાજ્યના માર્ગો અને પુલની કામગીરી માટે ૧૦૦૦૮ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામો માટે ૫૬૦૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારના રસ્તા અને પુલની કામગીરી માટે ૯૫૦ કરોડની જોગવાઈ.
- અલગ અલગ ચાર/છ માર્ગીય બી.ઓ.ટી. પ્રોજેક્ટ માટે ૧૬૩૩ કરોડની જોગવાઈ.
- ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા અગત્યના પ્રોજેક્ટ માટે ૭૭૪ કરોડની જોગવાઈ.
- ડી.એફ.સી.સી. તથા રેલ્વે ક્રૉસિંગ પર ઓવરબ્રિજ બાંધવાની કામગીરી અન્વયે ૫૦૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ અને ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓના રહેણાક મકાનો માટે ૩૧૨ કરોડની જોગવાઈ.
- વિવિધ જિલ્લાઓમાં સરકારી મકાનોનાં મજબૂતીકરણ અને માળખાગત સુધારણાના કામો માટે ૨૦૦ કરોડની જોગવાઈ.
- રસ્તાઓ માટે Short Term Maintenance Contractની કામગીરી માટે ૧૫૦ કરોડની જોગવાઈ.
- વાવ-થરાદ જિલ્લામાં જિલ્લા સેવા સદન અને નવા રચાયેલા ૧૭ તાલુકાઓમાં તાલુકા સેવા સદનનું નિર્માણ કરવા માટે ૧૩૮ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની કામગીરી માટે ૪૦૦ કરોડની જોગવાઈ.
- મુખ્ય રાજ્ય ધોરીમાર્ગો પર સલામતી, સુરક્ષા અને ટ્રાફિક પરિવહન માટે ઈન્ટેલીજન્ટ ટ્રાફિક સિસ્ટમ લાગુ કરવા માટે ૪૦ કરોડની જોગવાઈ.
- વ્હાઈટ ટોપીંગ રસ્તાની કામગીરી માટે ૩૨ કરોડની જોગવાઈ.
- GARC ભલામણ હેઠળ વિવિધ (બિલ્ડિંગ સાઈનેજ, જાળવણી, સૂચન બોક્સ વગેરે) કામગીરી કરવા માટે ૨૫ કરોડની જોગવાઈ.
- સરકારી મકાનોમાં અનિવાર્ય સેવાઓ માટેના પ્રસ્થાપિત વીજળીકરણના સાધનોની વાર્ષિક મરામત અને જાળવણી માટે ૨૦ કરોડની જોગવાઈ.
- સરકારી મકાનોમાં ઊર્જા બચત કરવા જરૂરી ઓટોમેશન સિસ્ટમ કાર્યરત કરવા માટે ૧૪ કરોડની જોગવાઈ.
- ગુજરાત રોડ એસેટ મેનેજમેન્ટ સિસ્ટમના અમલીકરણ અંતર્ગત ડેટા સંગ્રહ માટે ૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્ય ધોરીમાર્ગો પર ટેકનિકલ ઑડિટ અને ગુણવત્તા નિયંત્રણ માટે ૧૦ કરોડની જોગવાઈ.
- કેશોદ એરપોર્ટથી વિવિધ પ્રવાસન/ધાર્મિક સ્થળો સુધીના રસ્તાઓનું બાંધકામ અને સુધારણા કરવાનું આયોજન.

# વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ૩૫૬૦ કરોડની જોગવાઈ

કમલમ્,

કચ્છના બન્ની પ્રદેશમાં આવેલ છારી-ઢંઢ જળપ્લાવિત ક્ષેત્રનો પ્રતિષ્ઠિત રામસર સાઈટમાં સમાવેશ થયેલ છે. આ સાથે જ રામસર સાઈટમાં સામેલ ગુજરાતના સ્થળોની સંખ્યા વધીને પાંચ થઈ છે. વધુમાં, વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણમાં વધારો કરવામાં આપણું રાજ્ય દેશમાં મોખરે છે.

- વન વિસ્તાર બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા ૭૫૦ કરોડની જોગવાઈ.
- વનોના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે ૬૬૭ કરોડની જોગવાઈ.
- વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે ૪૬૯ કરોડની જોગવાઈ.
- વળતર વનીકરણ તેમજ અન્ય વન વિકાસલક્ષી કામગીરીઓ માટે ૩૭૨ કરોડની જોગવાઈ.
- વનોની ગીચતા વધારવા ટકાઉ વન વ્યવસ્થાપન માટે JICA પ્રોજેક્ટ હેઠળ ૨૫૮ કરોડની જોગવાઈ.
- જિલ્લા અને તાલુકા સ્તરે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા ૧૦૨ કરોડની જોગવાઈ.
- ૧૦ નવીન ઘાસ ગોડાઉન બાંધકામ અને કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે ૬૮ કરોડની જોગવાઈ.
- સામાજિક વનીકરણ ક્ષેત્રે નર્સરીઓમાં મોટા રોપા તૈયાર કરવા ૫૦ કરોડની જોગવાઈ.
- તૃણભક્ષી પ્રાણીઓ માટે બ્રીડિંગ સેન્ટર બનાવવા અને ડીસા ખાતે પ્રાણી સંગ્રહાલય બનાવવા ૪૦ કરોડની જોગવાઈ.
- નદીઓના બન્ને કાંઠે સઘન વાવેતર થકી રીવરાઈન લેન્ડસ્કેપ રીસ્ટોરેશન એન્ડ ડેવલપમેન્ટ તેમજ ગ્રીન વોલ ઓફ અરવલ્લી હેઠળ ૩૨ કરોડની જોગવાઈ.
- હેરીટેજ વૃક્ષોના રક્ષણ માટે એગ્રો ફોરેસ્ટ્રી તેમજ હેરીટેજ ટ્રી ટુ ફાર્મર્સ માટે ૨૬ કરોડની જોગવાઈ.
- ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારને "વન કવચ" હેઠળ સુશોભિત કરી હરિયાળુ બનાવવા ૨૫ કરોડની જોગવાઈ.
- ઈકો ટુરિઝમ અને દરિયાઈ પર્યટન વિકસાવવા તેમજ આઈલેન્ડ વિકસાવવા માટે ૨૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારમાં કૌશલ્ય વર્ધનથી વનવાસીઓની રોજગારીમાં સુધારો કરવા ૧૦ કરોડની જોગવાઈ.
- આહવા ખાતે વન વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવા અને અંબાજી ખાતે લોગ હટ બનાવવા ૮ કરોડની જોગવાઈ.
- અખિલ ભારતીય રમતગમત સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવા ૭ કરોડની જોગવાઈ.

# મહેસૂલ વિભાગ માટે કુલ ૫૫૫૨ કરોડની જોગવાઈ

કમલમ્,

- કુદરતી આફતો સામે રાહત આપવા ૨૧૪૫ કરોડની જોગવાઈ.
- સુરેન્દ્રનગર, મહુધા, માળીયા, લાઠી, ટંકારા, ઉમરેઠ, અબ્રામા ખાતે નવા મહેસૂલી ભવનના બાંધકામ તથા દસક્રોઈ, ઠાસરા અને પાટણ ખાતેના હયાત મહેસૂલી ભવનના વિસ્તરણ અને ૫૧ તાલુકાઓમાં અંદાજિત ૫૬૨ મહેસૂલી કર્મચારીઓની વસાહતના બાંધકામ માટે ૨૪૦ કરોડની જોગવાઈ.
- વિવિધ મહેસૂલી કચેરીઓ ખાતે ૧૫૪૬ નવી જગ્યાઓ ઊભી કરવા જોગવાઈ.

# શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ૨૯૦૨ કરોડની જોગવાઈ

કમલમ્,

વિકસિત ગુજરાત @2047 ના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે કુશળ માનવબળની સાથે શ્રમયોગીને સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે.

- નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન અંતર્ગત વિકસિત ગુજરાત માટે ૨૨૬ કરોડની જોગવાઈ.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ૨૦૦ કરોડની જોગવાઈ.
- પી. એમ. સેતુ યોજના અંતર્ગત ૨૦૦ કરોડની જોગવાઈ.
- શ્રમિક બસેરા યોજના માટે ૧૫૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની વિવિધ ૧૬ આઈ.ટી.આઈ.ની નવી બિલ્ડગના બાંધકામ માટે ૯૭ કરોડની જોગવાઈ.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં જરૂરી યંત્ર સામગ્રીઓ પૂરી પાડવા ૮૪ કરોડની જોગવાઈ.
- વિવિધ આઈ.ટી.આઈ.માં માળખાકીય સુવિધા વધારવા તેમજ હયાત આઈ.ટી.આઈ.માંફાયરસેફ્ટીનીસુવિધા માટે ૬૪ કરોડની જોગવાઈ.
- ધન્વંતરિ આરોગ્ય રથ યોજના હેઠળ કુલ ૬૦ કરોડની જોગવાઈ.
- "નમો કૌશલ્ય લક્ષ્મી યોજના" અંતર્ગત ૪૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની તમામ સરકારી ITI ના ૧ લાખ ૫૦ હજાર તાલીમાર્થીઓને દર વર્ષે ૨ યુનિફોર્મ માટે DBTથી સહાય કરવા ૩૦ કરોડની જોગવાઈ.
- મીઠાના અગરિયાઓને આધારકાર્ડ આધારિત યુનિક નંબર સાથેનું આવાસ ફાળવવા ૨૫ કરોડની જોગવાઈ.
- સામૂહિક જનતા જૂથ અકસ્માત વીમા યોજના અન્વયે બાંધકામ શ્રમયોગીઓને આકસ્મિક મૃત્યુ માટે ૫ લાખની સહાય આપવા ૧૨ કરોડની જોગવાઈ.

# ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ ૧૩૯૪૨ કરોડની જોગવાઈ

કમલમ્,

**પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૩૦૯૦ કરોડની જોગવાઇ**

- પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ વિવિધ યાત્રાધામોના વિકાસ માટે કુલ ૫૫૦ કરોડની જોગવાઈ. તે પૈકી અંબાજી યાત્રાધામ ખાતે સુવિધાઓ વિકસાવવા માટે ૩૦૦ કરોડની જોગવાઈ.
- પ્રવાસન ક્ષેત્રને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવા ૧૦૦ કરોડની જોગવાઈ.
- દાહોદ ખાતે નવું ગ્રીનફીલ્ડ એરપોર્ટ વિકસાવવા તેમજ પોરબંદર, ભાવનગર, સુરત, વડોદરા અને અંકલેશ્વર ખાતેનાં હયાત એરપોર્ટના વિસ્તરણ માટે ૯૫ કરોડની જોગવાઈ.
- નાના શહેરો/આંતરિક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે હવાઈ માર્ગે જોડવાના ધ્યેય સાથે Viability Gap Funding યોજના હેઠળ ૭૮ કરોડની જોગવાઈ.
- વન સ્ટેટ : વન ગ્લોબલ ડેસ્ટિનેશન વિઝન હેઠળ સોમનાથને ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા અને સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી માટે ૨૦ કરોડની જોગવાઈ.
- ભારત સરકારના "ઉડે દેશ કા આમ નાગરીક" (ઉડાન)ના વિઝન અંતર્ગત Regional Connectivity Schemeના માધ્યમથી એર કનેક્ટિવિટી પૂરી પાડવા ૨૦ કરોડની જોગવાઈ.
- આસ્થાના કેન્દ્ર અંબાજી, ડાકોર, દ્વારકા, માતાનો મઢ(આશાપુરા) તેમજ ગીરનાર ખાતે મહાશિવરાત્રીના મેળામાં આવતા શ્રદ્ધાળુઓ તથા માઁ નર્મદા પરિક્રમા પથ ખાતે પદયાત્રીઓ માટે સુવિધાઓ ઊભી કરવા ૨૦ કરોડની જોગવાઈ.
- લોથલ ખાતે બેઝિક ફેસિલિટી વિકસાવવા અર્થે ડેવલપમેન્ટ ઓફ ટ્રંક ફેસિલિટી ફોર પીપીપી પાર્સલ એટ લોથલ માટે જોગવાઈ.
- ગુજરાતને વૈભવી અને સંસ્કૃતિથી સમૃદ્ધ લગ્ન સ્થળ તરીકે સ્થાપિત કરવા "વેડ ઈન ગુજરાત" કેમ્પેઈન માટેનું આયોજન.
- આદિવાસી સમાજના આસ્થાના કેન્દ્રો જેવા કે, માનગઢ ખાતે આદિવાસી બલિદાન દિવસ, દેવમોગરા ખાતે પાંડોરી માતા મહાશિવરાત્રી મહોત્સવ અને શબરી ધામ શ્રી રામ શબરી મિલન મહોત્સવ ઉજવવા તેમજ અનુસૂચિત જાતિના આસ્થાના કેન્દ્રોમાં આ રીતે આયોજન કરવા માટે જોગવાઈ.

**ઉદ્યોગ અને ખાણ માટે ૯૮૭૩ કરોડની જોગવાઇ**

- ટેક્સટાઈલ એકમોનાં પ્રોત્સાહન અર્થે ૨૭૫૫ કરોડની જોગવાઈ.
- આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME માટે ૧૭૭૫ કરોડની જોગવાઈ.
- ધોલેરા ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓગ્મેન્ટેશન હેઠળ રસ્તાઓનો વિકાસ કરવા માટે ૧૮૨ કરોડની જોગવાઈ.
- ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના અંતર્ગત ૫૫ કરોડની જોગવાઈ.
- ઔદ્યોગિક પાર્કને સહાય યોજના અંતર્ગત ૫૫ કરોડની જોગવાઈ.
- દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં CETP માટે ૫૦ કરોડની જોગવાઈ.
- અદ્યતન સુવિધાઓ સાથેના વૈશ્વિક કક્ષાના સ્માર્ટ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના માટે ૫૦ કરોડનું આયોજન.
- ગુજરાત ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક ફેસીલીટીઝને સહાય યોજના અંતર્ગત ૩૦ કરોડની જોગવાઈ.
- ઔદ્યોગિક વસાહતોને જોડતાં રસ્તાઓની સ્વચ્છતા માટે ૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્યની નિકાસ ક્ષમતા વધારવા ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC) ની સ્થાપના કરવાનું આયોજન.

**કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ માટે ૯૭૯ કરોડની જોગવાઇ**

- "વાજપાઈ બેંકેબલ યોજના" હેઠળ સબસિડી સહાય માટે ૪૯૪ કરોડની જોગવાઈ.
- ખાદી સંસ્થા/મંડળીઓને વિવિધ સ્થળોએ પ્રદર્શન મેળા યોજી વેચાણ ક્ષમતા વધારવા ૫૭ કરોડની જોગવાઈ.
- One District One Product(ODOP) ઉત્પાદનોને પ્રોત્સાહન મળી રહે તે માટે ૨૫ કરોડની જોગવાઈ.
- કુટિર પ્રભાગના પરંપરાગત કારીગરોને આધુનિક ડિજિટલ માર્કેટ સાથે જોડી તેમની આવક વધારવાના હેતુથી ઈ- કોમર્સ માટે સહાય.

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ૭૦૮૬ કરોડની જોગવાઈ

કમલમ્,

સમાજના જરૂરિયાતમંદ વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો એ અમારી સરકારની પ્રાથમિકતા છે. વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, પાત્રતા ધરાવતી તમામ વ્યક્તિઓને સરળતાથી પહોંચાડવા અમે પ્રતિબદ્ધ છીએ.

- પી.એમ.યશસ્વી પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિકસતી જાતિના અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓ માટે ૬૩૦ કરોડની જોગવાઈ.
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અને વિકસતી જાતિના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા ૬૧૭ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિના આશરે ૧ લાખ ૪૫ હજાર વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે ૨૯૬ કરોડની જોગવાઈ.
- વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ અભ્યાસ અર્થે ૪ ટકાના દરે વ્યક્તિદીઠ ૧૫ લાખ સુધીની લોન આપવા ૧૩૫ કરોડની જોગવાઈ.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગની ૧ લાખ ૫૯ હજાર વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવા ૭૩ કરોડની જોગવાઈ.
- ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે ૧ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા ૨૪ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓ પૈકી ૦૫ શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગો ચાલુ કરવા તથા અત્યાધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવશે.
- દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના તેમજ વિવિધ આર્થિક સહાય યોજના હેઠળ કુલ ૨૪૯ કરોડની જોગવાઈ.
- નિરાધાર બાળકો માટેની પાલક માતા-પિતા યોજના હેઠળ ૮૩ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગજનોને મોટરાઈઝડ ટ્રાયસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર આપવા ૬૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના ૩૪ જિલ્લાઓમાં નશામુક્તિ સેન્ટર અને રાજ્ય કક્ષાએ સ્ટેટ સેલ સ્થાપવા ૧૫ કરોડની જોગવાઈ.
- બૌદ્ધિક અસમર્થતા, ઓટીઝમ દિવ્યાંગતા ક્ષેત્રે ડે-કેર તથા રહેણાકની સુવિધા સાથે શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે ૬ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓ નિગમો હેઠળ ચાલતી શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી લોન યોજનાના તથા દિવ્યાંગજનો માટે ચાલતી સ્વરોજગાર યોજનાના કુલ ૧૯ હજાર લાભાર્થીઓ માટે ૭૯૩ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને બેંક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર ૬ ટકા સબસિડી આપવા ૨૫ કરોડની જોગવાઈ.
- આવાસ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તથા વિચરતી-વિમુક્ત જાતિઓના અંદાજિત ૨૪ હજારથી વધુ લાભાર્થીઓને મકાન સહાય માટે ૩૭૫ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના આશરે ૫૩ હજાર લાભાર્થીઓને મળતી મફત (પોષણ) તબીબી સહાય યોજના અંતર્ગત ૧૪૩ કરોડની જોગવાઈ.

# શિક્ષણ વિભાગ માટે કુલ ૬૩૧૮૪ કરોડની જોગવાઈ

કમલમ્,

નીતિગત સુધારા, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર અને વિદ્યાર્થી કેન્દ્રિત યોજનાઓ દ્વારા શિક્ષણને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફ દોરી જવા માર્ગ તૈયાર કરેલ છે.

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના માળખાગત સુધારણા માટે ૩૦૫૫ કરોડની જોગવાઈ.
- નમો લક્ષ્મી યોજના માટે ૧૨૫૦ કરોડની જોગવાઈ.
- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૮૨૭ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે ૫૯૮ કરોડની જોગવાઈ.
- પી.એમ. પોષણ યોજના અંતર્ગત ૭૪ તાલુકાઓમાં આધુનિક સેન્ટ્રલાઈઝડ કિચન નિર્માણની કામગીરી પ્રગતિમાં છે. જેના માટે ૫૫૨ કરોડની જોગવાઈ.
- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા આર.એમ.એસ.એ. શાળાઓ, મોડેલ અને મોડેલ ડે સ્કૂલના બાંધકામ, રીપેરીંગ, રીનોવેશન તેમજ વધારાના બાંધકામ માટે ૩૪૨ કરોડની જોગવાઈ.
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ૨૫૦ કરોડની જોગવાઈ.
- જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઓફ એકસલન્સ માટે ૨૨૩ કરોડની જોગવાઈ.
- એસ.ટી. નિગમની બસોમાં મુસાફરી કરતા આશરે ૧૩ લાખ વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન યોજના માટે ૨૨૩ કરોડની જોગવાઈ.
- ૩૧ હજાર ૭૯૦ શાળાઓને સ્વચ્છતા સહાયમાં બમણો વધારો કરતા ૧૩૫ કરોડની જોગવાઈ.
- ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં એક જ કેમ્પસમાં બાલવાટિકાથી ધોરણ-૧૦ સુધીનું શિક્ષણ પૂરું પાડવા સંકલિત શાળાઓના નવા બાંધકામ માટે ૧૨૦ કરોડની જોગવાઈ.
- પ્રાથમિક શાળાના અંદાજે ૫૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક પૂરા પાડવા ૧૧૯ કરોડની જોગવાઈ.
- પી.એમ.શ્રી યોજનામાં સમાવિષ્ટ ૯૨૬ શાળાઓ માટે કુલ ૧૧૪ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અંદાજે ૧૮ લાખ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તક પૂરા પાડવા ૧૧૨ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ યોજના હેઠળ અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓને સહાય આપવા ૧૦૦ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટ/એસ્કોર્ટ સુવિધા અને સેન્સરી પાર્ક માટે કુલ ૯૧ કરોડની જોગવાઈ.
- સરકારી શાળાઓની ધોરણ-૬ થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજિત ૯ લાખ ૭૨ હજાર દીકરીઓને સેનેટરી નેપકીન પૂરા પાડવા ૪૭ કરોડની જોગવાઈ.
- પી.એમ. પોષણ યોજના અંતર્ગત સેન્ટ્રલાઈઝડ કિચનમાં સમાવિષ્ટ ન હોય તેવી શાળાઓના રસોડામાં વાસણો પૂરા પાડવા ૩૨ કરોડની જોગવાઈ.
- રક્ષા શક્તિ સ્કૂલ શરૂ કરવા અને આશરે ૧૩૨૮ વિદ્યાર્થીઓને લાભ આપવા ૧૮ કરોડની જોગવાઈ.
- ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અંતર્ગત સંસ્કૃત નવાચાર યોજના માટે જોગવાઈ.

# ટીંટીસર રોડ પરથી ૧.૨૬ લાખનો દારૂ ઝડપાયો



મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં મેઢાસણ ચાર રસ્તા પાસે વોચ દરમિયાન એક શંકાસ્પદ સફેદ કલરની મારુતિ ઈકો ગાડી (નંબર GJ.18.AM.0356) આવતા તેને રોકવાનો પ્રયાસ કરાયો હતો. જોકે, ચાલકે ગાડી ભગાડી મૂકી હતી અને પીછો કરતા ગાડી ટીંટીસર રોડ પર સાઈડમાં ઉતરી ગઈ હતી, જેમાંથી બે અજાણ્યા ઈસમો રાત્રિના અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. ગાડીની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બીયરના કુલ ૫૭૪ ટીન (કિંમત ૧,૨૬,૨૮૦/-) મળી આવ્યા હતા. પોલીસે ૩,૦૦,૦૦૦/- ની ગાડી સહિત કુલ ૪,૨૬,૨૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ફરાર આરોપીઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

# ભાવનગર ઈલેક્ટ્રિક બસ સેવાને શહેરજનો તરફથી વ્યાપક પ્રતિસાદ વચ્ચે યોગ્ય આયોજનની માંગ

- ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં શરૂ કરવામાં આવેલી ઈલેક્ટ્રિક બસ સેવાને શહેરજનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. સ્થાપના દિવસ નિમિત્તે ૧૪મી ફેબ્રુઆરીથી શહેરના વિવિધ આઠ રૂટ પર કુલ ૫૦ ઈલેક્ટ્રિક બસોની સુવિધા શરૂ કરવામાં આવી છે, જે ભાવનગર માટે આવકારદાયક પહેલ છે.પરંતુ સેવા શરૂ થયાના બે જ દિવસોમાં બે જુદી જુદી ઘટનાઓ સામે આવી છે, જેને લઈને બસ સેવાની કામગીરી અંગે પ્રશ્નો ઉઠ્યા છે.ગત રાત્રે અકવાડા ઘોઘા સર્કલ રૂટ પર ક્રેસન્ટ સર્કલ નજીક એક ઈલેક્ટ્રિક બસની બેટરી લો થઈ જતાં બસ અચાનક રસ્તા પર બંધ પડી ગઈ હતી.

જેના કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને બસને ડેપો સુધી પહોંચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.તે ઉપરાંત આજે માધવદર્શન નજીક અકવાડા રૂટની ઈલેક્ટ્રિક બસ સાથે અકસ્માતની ઘટના બની હતી. અકસ્માત દરમિયાન એક મહિલા ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. મહિલા ચાલકનો હાથ બસના પાછળના વ્હીલ નીચે આવી જતા ઈજાગ્રસ્ત થવાના સમાચાર છે. અકસ્માત બાદ બસ ચાલક ફરાર થઈ ગયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.શહેરમાં ઈલેક્ટ્રિક બસ સેવા એક મહત્વપૂર્ણ અને પર્યાવરણમિત્ર પહેલ છે, પરંતુ તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સુરક્ષા અને ટેકનિકલ વ્યવસ્થામાં વધુ કડક પગલાં લેવાની જરૂરિયાત જણાઈ રહી છે. સાથે હાઈકોર્ટ રોડ પર ચાલતી બસને લીધે ટ્રાફિક જામની સમસ્યા ઊભી થતી હોવાને લઈને પણ યોગ્ય આયોજન કરવાની માંગ ઉઠી રહી છે.

# જામનગર-દ્વારકા સાંસદનો આભાર કાર્યક્રમ યોજાયો



જામનગર શહેરમાં વોર્ડ નં. ૬નાં હનુમાન ટેકરી, સિધ્ધાર્થ નગર સહિતના આજુબાજુના વિસ્તારના રહીશોને રેલ્વે તંત્ર દ્વારા ૭ દિવસમાં જગ્યા ખાલી કરવા અંગે નોટીસ મળ્યા બાદ પીડિતોએ સાંસદ પૂનમબેનને રજૂઆત કરી હતી. જે અંગે સાંસદ પૂનમબેન માડમ દ્વારા રેલ્વે તથા જિલ્લાતંત્રનાં ઉચ્ચ અધિકારીઓ સાથે મીટિંગ કરી ડીમોલીશનની કામગીરી સ્થગિત રખાતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો જેથી સ્થાનિકોએ સાંસદ પૂનમબેન માડમને હાર પહેરાવી આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાની વેઇટલીફ્ટીંગ સ્પર્ધા યોજાઈ

ગુજરાતના રમતગમત ક્ષેત્રના મહાકુંભ ગણાતા 'ખેલ મહાકુંભ-૨૦૨૫' અંતર્ગત રાજ્યકક્ષાની વેઈટલીફ્ટીંગ સ્પર્ધા જૂનાગઢમાં ગાંધીગ્રામ ખાતેના સરદાર પટેલ રમત સંકુલમાં ઉત્સાહભેર યોજાઈ હતી. તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ યોજાયેલ અંડર-૧૭ ભાઈઓની આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી આવેલા યુવા ખેલાડીઓએ ૧૦ જેટલી અલગ-અલગ વજન કેટેગરીમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું. આ સ્પર્ધાના અંતે વિજેતા થયેલા ખેલાડીઓને મહાનુભાવોના હસ્તે મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



# અમદાવાદ ખાતે યોગ શિબિર યોજાઈ



અમદાવાદ જગતપુર વિસ્તારમાં આવેલ ગોદરેજ ગાર્ડન સિટી ખાતે ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા ભવ્ય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું માર્ગદર્શન યોગ કોચ શાંતિ લુહાણા (ટીશા ઠક્કર) દ્વારા આપવામાં આવ્યું હતું.શિબિર દરમિયાન યોગને જીવનશૈલી તરીકે અપનાવવાના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ઉપસ્થિતોને યોગ, યોગ્ય આહાર પદ્ધતિ, મેદસ્વિતા નિયંત્રણ, સ્વસ્થ જીવનશૈલી અને વિવિધ રોગોના નિવારણ અંગે વિસ્તૃત અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

# ખેડા જિલ્લામાં ખ્રિસ્તી પરિવારો દ્વારા ભસ્મ બુધવારથી તપઋતુનો પ્રારંભ



ખેડા જિલ્લાના નડિયાદ સહીત વિશ્વભરમાંમાં રહેતા ખ્રિસ્તી પરિવારો દ્વારા હાલમાં તપઋતુનો પ્રારંભ થયો છે. જેનો પ્રારંભ ભસ્મ બુધવાર થકી થયો છે અને અંત ૪૦ દિવસ બાદ ઈસ્ટર સન્ડેના દિવસે થશે. ખ્રિસ્તી સમુદાય સમયગાળાને તપઋતુ તરીકે ઓળખે છે.સેંટ મેરિસ ચર્ચ, નડિયાદ ખાતે ભસ્મ બુધવારના ખ્રિસ્તયજ્ઞ, રાખ લગાવવાની વિધિ સાથે તપરુતુનો ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. ફાધર અંતોન મેકવાનએ જણાવ્યું હતું કે, ભસ્મ બુધવાર ના દિવસ માણસને વાસ્તવિકતાનો અહેસાસ કરાવે છે. માટીમાંથી આવ્યા છે અને માટીમાં ભળી જવાનું છે ત્યારે ઉપવાસ,તપ,દાન ધર્મદા, નમ્રતા જેવા ગુણોને ઉજાગર કરી પ્રેમ પૂર્વક જીવન જીવીએ. તહેવાર અંગે સભાપુરિહિત ફાધર આમ્રોસ ધ્વારા સમજાવ્યું કે 'તપઋતુનું ખ્રિસ્તી સમાજમાં વિશેષ મહત્વ રહ્યું છે. જેમાં ભસ્મ બુધવારનું ખ્રિસ્તી ધર્મસભામાં વિશેષ મહત્વ છે. કેથોલિક ધર્મશ્રદ્ધા અનુસાર આજથી ઈસુએ માનવજાતની મુક્તિ અર્થે વેઠેલી પીડાનું સ્મરણ કરવાના દિવસના ઉપવાસની યાત્રાનો પ્રારંભ થયો હતો.વિશ્વભરના ચર્ચોમાં ખ્રિસ્તી પરિવારોને કપાળે ભસ્મ લગાવી અભિનિત કરવામાં આવ્યાં હતાં. દિવસોમાં ધાર્મિક સ્થળોની મુલાકાત લઇ ત્યાં પ્રાર્થના કરે છે.

આ અંગે ધર્મગુરૂ ફાધર ના જણાવ્યા મુજબ 'તપરુતુના દિવસોદરમિયાન ખ્રિસ્તી સમાજ ઈસુ ખ્રિસ્તની પીડાને યાદ કરી ઉપવાસ, પ્રાર્થના, દાન,તપ કરે છે. દિવસોમાં ધાર્મિક સ્થળોની મુલાકાત લઇ ત્યાં પ્રાર્થના કરે છે. ઈસુ ખ્રિસ્ત ક્રોસ પર ચડી મોતને ભેટી ફરી સજીવ થયા તે ઘટનાના સમયગાળાને તપઋતુ કહે છે.' આ દિવસે સેંટ મેરીસ ચર્ચ ખાતે ખ્રિસ્ત યજ્ઞ અર્પણ કરવામાં આવ્યો અને મોટી સંખ્યામાં ધર્મજનો એ ખ્રિસ્ત યજ્ઞ માં ભાગ લીધો હતો.

# ઉટવાળામાં ચેકડેમના કામમાં બાળ મજૂરોનો ઉપયોગ અટકાવવા રજૂઆત



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ઉટવાળા ગામે ગ્રામ પંચાયત દ્વારા ચેકડેમ નું કામ ચાલી રહ્યું છે તે કામમાં ઊંટવાળા ગામની પ્રાથમિક શાળાના બાળકો પાસે ચેકડેમમાં કામ કરાવવામાં આવી રહ્યું હોવાનો વિડીયો વાયરલ થતા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિ અલ્પેશસિંહ ભીખુભા સાખટ ને મળતા તાત્કાલિક ધોરણે ચેકડેમ ના કોન્ટ્રાક્ટર અને ગ્રામ પંચાયતના સરપંચ શ્રી દ્વારા જે બાળકો પાસે બાળમજૂરી કરવામાં આવી રહી છે, તેને અટકાવા નિયમો અનુસાર કાર્યવાહી કરવા માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ છે.

# જમ્મુ-કાશ્મીર અંગે મોટો નિર્ણય લેવાની તૈયારી, મોદી સરકારના મંત્રીએ મહત્ત્વની અપડેટ આપી



જમ્મુ-કાશ્મીરના રાજ્યના દરજ્જાને લઈને એક ખૂબ જ મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે ૧૭ ફેબ્રુઆરીના રોજ શ્રીનગરમાં એક કાર્યક્રમ દરમિયાન સંકેત આપ્યો છે કે કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો આપવા અંગે ટૂંક સમયમાં મોટો નિર્ણય લઈ શકે છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે વિશ્વાસ અપાવ્યો હતો કે આ મામલે પ્રક્રિયા ચાલી રહી છે અને જનતાને ખૂબ જ જલ્દી સારા સમાચાર સાંભળવા મળશે.કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે વધુમાં જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરનો રાજ્યનો દરજ્જો પાછો આપવો એ એક સંવેદનશીલ વિષય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અગાઉ લોકસભામાં આપેલા વચનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, સરકાર તેના વાયદા પર અડગ છે અને યોગ્ય પ્રક્રિયાનું પાલન કરીને લોકોને તેમનો હક આપવામાં આવશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, 'મને લાગે છે કે તમે આના પર ખૂબ જ જલ્દી કોઈ મોટો નિર્ણય સાંભળશો.'ઉલ્લેખનીય છે કે, ઑગસ્ટ ૨૦૧૯માં ભારત સરકાર દ્વારા બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી હતી, જેની સાથે જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો પણ ખતમ થઈ ગયો હતો. તે સમયે રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો—જમ્મુ-કાશ્મીર અને લદાખમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. હવે મંત્રીના આ નિવેદન બાદ એવી અટકળો તેજ થઈ ગઈ છે કે કાશ્મીરની જનતાને તેમનો રાજ્યનો દરજ્જો પાછો મળવાની ઘડીઓ ગણાઈ રહી છે.

# એઆઈનો ઉપયોગ સમાજના ફાયદા માટે થાય તે જરૂરી -મોદી



દુનિયા એઆઈના યુગમાં પ્રવેશી રહી છે ત્યારે ભારતમાં વિશ્વની સૌથી મોટી એઆઈ ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમિટના બીજા દિવસે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એઆઈના ઉપયોગ સામાન્ય જનતા અને બધા માટે કેવી રીતે કરી શકાય તે જાણવા માટે આ સમિટનું આયોજન કરાયું છે. બીજીબાજુ દિલ્હીમાં ભારત મંડપમમાં ચાલી રહેલી ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં અનેક પ્રકારની જાહેરાતો થઈ રહી છે. આવી જ એક જાહેરાતમાં ભારત૧.એઆઈએ કહ્યું છે કે તેઓ બેંગ્લુરુમાં દુનિયાનું પહેલું હ્યુમેનિટી-ફર્સ્ટ એઆઈ સિટી બનાવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટ કરતા જણાવ્યું કે, બુદ્ધિમતા, તર્કસંગતતા અને નિર્ણય લેવાની ક્ષમતા વિજ્ઞાન ઓને ટેક્નોલોજીને જનતા માટે ઉપયોગ બનાવે છે. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટનો આશય એ જાણવાનો છે કે એઆઈનો ઉપયોગ બધાના લાભ માટે કેવી રીતે કરી શકાય છે. એઆઈનો ઉપયોગ માણસોના ભલા માટે કરવો જોઈએ. માત્ર ટેક્નોલોજી નહીં બુદ્ધિમતા, સમજદારી અને સાચા નિર્ણયોથી જ એઆઈ જનતા માટે લાભદાયક બની શકે છે.તેમણે ઉમેર્યું કે, આ સમિટ આઈડિયા, ઈનોવેશન અને ઈન્ટેન્ટનું મિલન સ્થળ છે. ભારતની ટેલેન્ટ દુનિયા અને માનવતાની ભલાઈના એઆઈ બનાવી રહ્યું છે. ભારત એઆઈના જવાબદારીપૂર્ણ અને સમાવેશક ઉપયોગ માટે કટિબદ્ધ છે.

આ સમિટમાં અનેક જાહેરાતો થઈ રહી છે ત્યારે ભારત૧.એઆઈના સીઈઓ ઉમાકાંત સોનીએ જાહેરાત કરી છે કે કંપની બેંગ્લુરુમાં દુનિયાનું પહેલું હ્યુમેનિટી ફર્સ્ટ એઆઈ સિટી બનાવશે. આ કંપની રોબોટ અને એઆઈ સાથે સંકળાયેલી સિસ્ટમ મોડેલનું નિર્માણ કરશે, જેની સાથે સંકલાયેલા અનેક ટેસ્ટ કરશે, જેથી મોટાપાયે તેનો ઉપયોગ કરતા પહેલા તપાસ થઈ શકે. એઆઈને વાસ્તવિક દુનિયામાં લાવતા પહેલા મોટા પાયે તેની તપાસ જરૂરી છે.દરમિયાન આ સમિટના ઉદ્ઘાટનના દિવસે સોમવારે ભારે અવ્યવસ્થાના કારણે સમિટ કમ એક્સ્પોમાં ભાગ લેવા આવેલા એક્ઝિબિટર્સ અને જોવા આવેલા લાખો લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. પીએમ મોદી એક્સ્પોનું ઉદ્ઘાટન કરવાની સાથે વિવિધ પેવેલિયનની મુલાકાત લેવાના હોવાથી લોકોએ કલાકો સુધી બહાર ઊભા રહેવું પડયું હતું. આ સિવાય સુરક્ષાના કારણોસર ઈવેન્ટનો આખો વિસ્તાર ખાલી કરાવાયો હતો. એવામાં એક સ્ટાર્ટઅપ નીઓ સેપિયનના સીઈઓ ધનંજય યાદવે આ સમયમાં તેમના સ્ટોલમાંથી તેમના વેરેબલ્સ ચોરાઈ ગયા હોવાની એક્સ પર ફરિયાદ કરી હતી.

# મીરપુર પારસમણી તીર્થે દ્વિતીય ધ્વજારોહણોત્સવે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સંપન્ન થયેલ



કમલમ્,

મીરપુર તીર્થે જહાજ મંદિર નવગ્રહ યુક્ત શ્રી મુનિસુવ્રતસ્વામી જહાજ મંદિર,શ્રી બટુક ભૈરવ શક્તિપીઠ.એવં શ્રી ક્ષેત્રપાલ વીર મંદિરની દ્વિતીય ધ્વજારોહણ ભક્તિ મહોત્સવે યોજાયો.આ પ્રસંગે યોગવરિષ્ઠ મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી મહારાજ સાહેબ,મૌનવરિષ્ઠ મુનિશ્રી પુણ્યરત્નચંદ્રજી મહારાજ સાહેબ, મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ એવં સાધ્વીજી ભગવંત આદિ ઠાના-૧૫ ઉપસ્થિત રહેલ.આ તીર્થ નું નિર્માણ યુગપ્રધાન,દાદા ગુરુદેવ,શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વજી મહારાજાની જન્મ ભૂમિના ઉપલક્ષમાં નિર્માણ પામેલ છે.આ પ્રસંગે પ્રથમ દિવસે સવારે.૯.૦૦ કલાકે અઢાર અભિષેક,બપોરે-૨.૦૦ કલાકે દાદા ગુરુદેવની પૂજા,રાત્રે.૮.૦૦ કલાકે ભક્તિ ભવના યોજાઈ.બીજા દિવસે સવારે ૯.વાગે લાભાર્થી પરિવારના ગૃહ આંગણેથી વાજતે-ગાજતે ચર્તુવિધસંઘ સાથે ધ્વજા લઈ જીનાલય મધ્યે પધારેલ. ત્યારબાદ સત્તરભેદી પૂજા નો પ્રારંભ થયેલ અને વિજયમુહૂર્તમાં ધ્વજારોહણ થયેલ.આ પ્રસંગે મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબ એ જણાવેલ કે જૈન શાસનમાં ધ્વજારોહણ માત્ર એક વિધિ નથી,પરંતુ તે શ્રદ્ધા,ભક્તિ અને આત્મજાગૃતિનું પ્રતિક છે.દેરાસર ઉપર ફરકતો ધ્વજ વિજય,પવિત્રતા અને સમ્યક દર્શનનો સંદેશ આપે છે.જ્યારે દ્વિતીય ધ્વજારોહણ ભક્તિ મહોત્સવ ઉજવવામાં આવે છે,ત્યારે તે ભક્તોના હૃદયમાં નવી ઉર્જા અને નવી પ્રેરણા જગાવે છે.અંતમાં કહી શકાય કે દ્વિતીય ધ્વજારોહણ ભક્તિ મહોત્સવ માત્ર ઉત્સવ નથી,પરંતુ આત્મશુદ્ધિ અને શાસન પ્રત્યેની અખંડ ભક્તિનું દિવ્ય પ્રતિક છે.આ દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવનો સંપૂર્ણ લાભ શ્રીમતિ નિર્મલાબેન બીજયરાજજી ચૌધરી,હસ્તે.શ્રીમતિ શિલ્પાબેન મનોજભાઈ ચૌધરી,ગામ-નાગૌર, મીરપુર,હાલે-કલકત્તા પરિવારે લાભ લીધેલ. આ પ્રસંગ શ્રી જૈન શ્વેતાંબર પાર્શ્વચંદ્રસૂરીશ્વર ધામ ટ્રસ્ટે બહારગામ થી પધારેલા મહેમાનોનું સ્વાગત કરેલ. આ ધ્વજારોહણ પ્રસંગે જીવદયા, સાધર્મિક ભક્તિ, પ્રભુજીને આંગી, રંગોલી આદિ કાર્યો કરવામાં આવેલ. આ પ્રસંગે મુંબઈ, કલકત્તા, બેંગ્લોર, અમદાવાદ, રાજસ્થાન, કચ્છ, સિરોહી વગેરેથી ભાવિકો મોટીસંખ્યામાં પધારેલ.

# સ્માર્ટ મીટર લગાવવાના વિરોધમાં શિવરાજપુર ગામ બંધનું એલાન, MGVCLની ટીમને લોકોએ અટકાવી

પંચમહાલના હાલોલના શિવરાજપુરમાં સ્માર્ટ મીટર લગાવવા મામલે સ્થાનિકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શિવરાજપુરમાં સ્માર્ટ મીટર લગાવવા પહોંચેલી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ની ટીમ સાથે ગામ લોકોની રકઝક થઈ હોવાનું સામે આવ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે, કોઈ આગોતરી જાણકારી કે સૂચના વગર વીજ કંપનીની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે સ્માર્ટ મીટર લગાવવા પહોંચી હતી. જેને લઈને ગ્રામજનોએ MGVCLની ટીમને કામગીરી શરૂ કરતાં પહેલા અટકાવ્યા હતા. તેવામાં સ્માર્ટ મીટર લગાવવાના વિરોધમાં શિવરાજપુરે આજે(૧૮ ફેબ્રુઆરી) બંધનું એલાન કર્યું. તમામ દુકાનો તથા ધંધા-રોજગાર સ્માર્ટ મીટરના વિરોધમાં જડબેસલાક બંધ કરવામાં આવ્યું છે.સમગ્ર મામલે સ્થાનિકોએ મીટરની પારદર્શિતા અને રીડિંગની વિશ્વસનીયતા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. આ મામલે ગામ લોકોનું કહેવું છે કે, સ્માર્ટ મીટરને લઈને સરકાર અથવા વીજ કંપનીએ અગાઉથી જાગૃતિ કાર્યક્રમો યોજીને માર્ગદર્શન આપવું જોઈએ.સ્થાનિક અગ્રણી મનોજભાઈ શાહે જણાવ્યું કે, MGVCLની ૧૫થી વધુ લોકોની ટીમે જબરદસ્તી લોકોના ઘરમાં પ્રવેશ કરીને ૨૦ મીટર બદલવાની કામગીરી



કરી.સ્થાનિકોએ વિરોધ કરતાં વીજ કંપનીની ટીમે સરકાર કામમાં વિઘ્ન કરવા બદલ તમને જેલમાં નાખી દઈશુ તેમ કહીને ધમકી આપી હતી. મીટર કેમ બદલવાના છે એ મામલે અમને કોઈને કોઈ પ્રકારે જાણ કરાઈ નથી. આમ, વીજ કંપની દ્વારા જબરદસ્તી મીટર બદલવાની કામગીરી કરાઈ રહી છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028